August 2023

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal

Year 18 ● Issue 11 / 210
● Mumbai ● Page 24 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

વ્હાલા સ્નેહી સ્વજનો,

''વંદે માતરમ''

માનનીય વડા પ્રધાને આ વર્ષે આપણને 'મારી માટી, મારો દેશ' સૂત્ર આપીને સમગ્ર જનતાને દેશ પ્રત્યે પોતાનો પ્રેમ અને કર્તવ્ય જાળવવાની ભાવના બતાવી છે. કદાચ આપણે સહુ પાટણ જૈન સમાજના પરિવારો પણ આપણી માતૃભૂમી માટે જો આવી ભાવના ને લાગણી રાખીને સાથે મળીને 'હમ સબ એક હૈ' સૂત્રથી જો બંધાઈ જઈએ તો પાટણની શાનના સૌદર્યમાં એક ગરિમાં આવી જાય.

મિત્રો ! ઓગસ્ટ મહિનો અને હિંદુ શ્રાવણ મહિનો આવે એટલે પર્વો અને તહેવારોની મોસમ શરૂ થઈ જાય. વિશેષ પ્રકારે આપણા માટે મહત્વના તપ, જપના દિવસો અને પર્વાધિરાજ પર્યુષણનું આગમન થવાની તૈયારી છે.

મને જણાવતાં ઘણો ઘણો આનંદ થાય છે કે, શ્રી પાટણ જૈન મંડળના બધાજ કમિટિ મેમ્બરો ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી હોંશભેર વિવિધ પ્રવૃત્તિઓ અને સમાજોપયોગી કાર્યો કરીને 'સબ કા સાથ, સબ કા વિકાસ'ના મંત્રને સાકાર કરી રહ્યા છે. સમાજનાં દાનવીર દાતાઓનો પણ અનન્ય સાથ અને સહકાર મળ્યો છે અને અમને વિશ્વાસ છે, શ્રદ્ધા છે કે આપણા સમાજને એક નવી દિશા, નવી ઉંચાઈ પર લઈ જવા તન, મન, ધનથી બધાનો સહયોગ મળતો જ રહેશે. આજ સુધી જે જે દાતાઓએ દાન આપ્યું છે તે સહુને અભિનંદન.

જણાવતા આનંદ થાય છે કે આપણા ઝિંદાદીલ કાર્યકર **સ્વ શ્રી વર્ધમાનભાઈ નગીનદાસભાઈ સાંડેસરાના પુત્ર શ્રી અમીતભાઈ સાંડેસરાએ** સૌરભ મેડિકલ હેલ્થકેરમાં સુંદર આર્થિક યોગદાન આપેલ છે, જેની હું ખુબ ખુબ અનુમોદના કરૂં છું.

* **Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara - CONFERENCE ROOM 25 Lc (Keshusethno Pado)**

વર્ષ ૨૦૨૨-૨૩ માર્ચ દરમ્યાન મંડળમાંથી સમાજને આપેલ આર્થિક સહાયની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. મેડિકલ રીલીફ - | ૧.૭૩ કરોડ |
| ૨. સમાજ ઉત્કર્ષ સહાય - | ૧.૨૫ કરોડ |
| ૩. શિક્ષણ સહાય - | ૬૭ લાખ |
| ૪. શૈક્ષણિક લોન (અત્યારસુધી) - | ૧.૭૪ કરોડ |

દાતાઓને સંસ્થા તરફથી અપીલ કરવામાં આવે છે કે આપણે ૩૫૦ પરિવારોને ઉપર લાવવા માટે જે કમર કસી છે એમાં સહાય કરવા માટે શક્ય એટલું ડોનેશન આપીને સમાજને સમૃદ્ધ બનાવવામાં સહયોગ આપતા રહેશો એવી આશા અને વિશ્વાસ છે. આ વર્ષે ૫ કરોડનું બજેટ બનાવવામાં આવ્યું છે.

Cont. page 2

૮૫૦ વ્યક્તિઓએ મેડિક્લેઈમનો લાભ લીધો છે, જે લોકોને બહુજ ફાયદા કારક નિવડયો છે. મેડિક્લેઈમ લઈને સમાજને હેલ્ધિ બનાવાનો પુરુષાર્થ અને પ્રયત્ન ચાલુ છે.

**પાટણ નૂતન પ્રાથમિક સ્કુલનું નવ નિર્માણ** કરવા જે પાંચ કરોડનો પ્રોજેક્ટ છે તેમાં હવે ૧ કરોડની જરૂર છે. આમા **ગોલ્ડન સ્ટોન સ્કીમ (Golden Stone Scheme) રૂા. ૨ લાખ અને સિલ્વર સ્ટોન સ્કીમ (Silver Stone Scheme) રૂા. ૧ લાખ છે.** સ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને નમ્ર અપીલ કરવામાં આવે છે કે આપશ્રી આ સ્કીમમાં જોડાઈને દાતાઓનું નામ આપો તો સ્કુલના આગળના (front) ભાગમાં **ગ્રેનાઈટની તક્તીમાં** નામ લખવામાં આવશે. આ વિદ્યા દાનમાં સાથ આપીને અમૂલ્ય લાભ લઈ વિદ્યાર્થી અને તેના પરિવારનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશો.

**તા. ૧૫મી ઓક્ટોબર, આસો સુદ ૧, રવિવારના રોજ ગોરેગામ (વે) ખાતે સવારે ૯.૩૦ કલાકે ''સૌરભ મેડિકલ હેલ્થ કેર''નું** ઓપનીંગ **I.B. Patel, School Hall**માં કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ તારીખની નોંધ લેવા વિનંતી. સર્વે દાતાઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આ હેલ્થ કેર પ્રોજેક્ટ માટે જરૂરી બધાજ મશીનોના ઓર્ડર અપાઈ ગયા છે. તા. ૨૦ સપ્ટેમ્બર,૨૦૨૩ સુધીમાં તેને ઈન્સ્ટોલ કરવામાં આવશે અને તેની ટ્રાયલ લેવામાં આવશે. ડૉક્ટરો અને ટેક્નીશિયનોની એપોઈન્ટમેન્ટ કરવાનું કામ ચાલું છે, બને તેટલું જલ્દીથી આ કામ પૂર્ણ કરવામાં આવશે. સમાજના જે પણ ડૉક્ટરોને આ મેડિકલ સેન્ટરમાં Joint થવાની ઈચ્છા હોય તેઓએ વહેલી તકે પોતાના નામ અને કોન્ટેક્ટ નંબર અને સમય વિગેરે વિગતો શ્રી પાટણ જૈન મંડળમાં અથવા CEO Anand ને જણાવવું જરૂરી છે.

સમાજના સાધન-સંપન્ન અને સમૃદ્ધ દાતાઓને વિનંતી છે કે આ માનવ સેવાના યજ્ઞમાં જોડાઈને સમાજને તંદુરસ્ત બનાવવામાં સહાય કરશો. આપનું નામ કાયમ માટે અમર રહે તે માટે દાન આપવા અપીલ કરીએ છીએ.

**તા. ૩ સપ્ટેમ્બરના રવિવારના** રોજ સવારે ૯.૩૦ કલાકે હિન્દી વિદ્યાભવન સ્કુલમાં **શેઠ શ્રી પોપટલાલ ભીખાચંદ શાહની સ્મૃતિમાં પ્રવચનનું આયોજન કરવામાં આવેલું છે** તો સમાજના સર્વે ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

**તા. ૩૦ સપ્ટેમ્બર, તા. ૨ ઓક્ટોબર, તા. ૭ ઓક્ટોબર - NSCI Club વર્લી ખાતે Mini Olympic Tournament નું** આયોજન કરવામાં આવેલ છે. તા. ૭ ઓક્ટોબર સાંજે ૪ કલાકે ત્યાંજ વિજેતાઓને ઈનામનું વિતરણ કરવામાં આવશે.

**તા. ૧ ઓક્ટોબર, રવિવાર, જૂહુ - Hotel Tulip Star** વિલેપાર્લા (વે) ખાતે ટ્રેડફેરનું આયોજન કરવામાં આવેલ છે. ઘણા સ્ટોલોના બુકીંગ થઈ ગયા છે. હજુ પણ જેને સ્ટોલ બુકીંગ કરવાનું હોય તો વહેલી તકે કરાવી લેશો.

**તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪થી તા. ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના ૬ દિવસ માટે, બાય ફ્લાઈટ** દ્વારા **સમેત શીખરજી યાત્રા પ્રવાસનું** આયોજન કરવામાં આવ્યું છે, જેને આ પ્રવાસમાં જોડાવવું હોય તેઓએ ફોર્મ ભરીને સંસ્થામાં મોકલાવી આપવા વિનંતી છે.

**PPL Cricket Tournament નું** આયોજન કરવામાં આવ્યું છે તેની વિગતો આવતા પ્રતિબિંબમાં આપવામાં આવશે. આ ટુર્નામેન્ટ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૪માં રમાડવામાં આવશે.

આપ સહુને જણાવતા ખુબજ આનંદ અને ગર્વની લાગણી અનુભવાય છે કે, જીવન મહેક સમિતી દ્વારા ચાર ઉમેદવારોની સગાઈ થઈ છે તે બદલ અભિનંદન.

**તા. ૧૨ સપ્ટેમ્બરથી તા. ૧૯ સપ્ટેમ્બર સુધી પર્વાધિરાજ પર્યુષણમાં આપ સર્વે પરિવારો સુખ સાતા પૂર્વક ધર્મ આરાધના કરશો તેવી શુભ ભાવના.**

**એક હાથ...**
**ભગવાન તરફ..**
**તેમની આંગળી ઝાલવા !**
**અને....**



**એક હાથ...**
**ભગવાનના ભક્ત તરફ..**
**તેમનો હાથ ઝાલવા !**
**એજ સાચો ધર્મ છે !**



## ‘સ્વાગત કરીએ પર્વાધિરાજનુ’

**તંત્રી સ્થાનેથી...**

**અહોભાવના પુષ્પોથી પર્વાધિરાજને વધાવીએ !!**
**અને આત્માનો દીપ પ્રગટાવીએ !!!**

મારા પ્યારા વાચક મિત્રો !
પ્રણામ !

સદ્ભાવનાના મોતીથી અમે ક્ષમા અને મૈત્રીનો મંડપ રચ્યો છે, અંતર દ્વારે અમે વિવિધ પ્રકારની તપશ્ચર્યા. અઠ્ઠાઈ તપ, માસક્ષમણ જેવા વિવિધ તપના તોરણો બાંધ્યા છે. અંતરના આત્મગણમાં શ્રદ્ધાના સ્વસ્તિક આલેખ્યાં છે અને ગુરુ ભગવંતની વાણીનું શ્રુતપાન કરતાં કરતાં અમારા જીવનના ઉદ્યાનમાં જ્ઞાન-વારિનું સિંચન કરી ગુણ પુષ્પોને ખીલવ્યા છે. પાંચ કર્તવ્યોની માળાથી અમે સહુ આપનું ભાવભર્યું સ્વાગત કરીએ છીએ તો ! પ્રેમે પધારો પર્વાધિરાજ....

પ્રતિબિંબના વાચક મિત્રો ! આ અંક આપ સૌના કરકમળમાં આવશે તેના થોડા જ ગણતરીના દિવસોમાં પવિત્ર, પાવનકારી પર્યુષણ પર્વ આવી રહેશે. આત્માની ખોજ કરવાનો આ અવસર છે. આત્માની સમીપ રહીને કર્મની નિર્જરા કરી આત્માને પરમાત્મભાવ તરફ આગળ ને આગળ લઈ જવાનો છે. તપ, ત્યાગ અને સંયમ વડે કર્મની નિર્જરા કરવાની છે. ‘‘જૈન ધર્મ એ આત્માનો ધર્મ છે’’ - પ્રભુ મહાવીરે ઉપદેશ આપ્યો કે; ‘દેહ સાધન છે, આત્મા સાધ્ય છે, સાગર તરવા માટે જેમ હોડી સાધન છે એમ સંસાર તરવા માટે દેહ સાધન છે. સાગર પાર કર્યા પછી હોડીને એક કિનારે લંગર નાંખી બાંધી દેવામાં આવે છે તેવી જ રીતે સંસારને ભવપાર તરવા માટે દેહ રૂપી સાધનને જાળવી રાખવાનો હેતુ છે પણ દેહને વળગી રહીને આત્માના અસ્તિત્વને ભૂલી જવું એ મોટો અપરાધ છે જીવનદ્રોહ છે પણજે ક્ષણે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે જ ક્ષણે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.’

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ જે અંતિમ દેશના આપી હતી તે દેશના ‘શ્રી ઉત્તરાધ્યયનના સૂત્ર’માં એક કથાનું વર્ણન બતાવતા, દેહ અને આત્માની ભિન્નતાનો ચિતાર આપ્યો છે.

મિથિલાના સર્વભૌમ સમ્રાટ નમિના શરીરે એકવાર દાહજવરની ભયંકર પીડા ઉપડી, પળવાર પણ એને ચેન ના પડે. રાજાનું શરીર લહાય લહાયથી બળવા માંડ્યું. રાજા મનથી અને શરીરથી ઢીલા પડી ગયા. જરા સરખો પણ અવાજ તે સહન કરી શકતા નહીં. વૈદ્યો અને હકીમોને બોલાવ્યા, તેઓએ એક ઉપાય સૂચવ્યો; ‘સાચા મોતીનો લેપ શરીર પર લગાવવાથી રાહત થશે. ’

રાજાની ચારે રાણીઓ સાથે મળીને જાતે જ મોતી લસોટવા બેસી ગઈ, મોતીને લસોટતી વખતે રાણીઓના હાથમાં પહેરેલા રત્નકંકણો અરસપરસ ટકરાતા, ને મીઠો મધૂરો ધ્વનિ રણકાર થવા લાગ્યો, રાજા નમિને તો આ અવાજ પણ સહન થયો નહીં. રાજાએ મોટેથી બૂમ મારી, ‘બંધ કરો આ અવાજ’ તરતજ રાણીઓએ પોતાના હાથમાંથી માત્ર એક એક કંકણ રાખી બાકીના ઉતારી બાજુ પર મુકી દીધા અને ફરીથી મોતી લસોટવા માંડી, હવે કંકણનો મધુર અવાજ બંધ થઈ ગયો. થોડોક સમય પસાર થયો અને અચાનક રાજાને ધ્યાનમાં આવ્યું કે કેમ અવાજ નથી આવતો ? ફરીથી બૂમ મારી, રાણીઓને પાસે બોલાવી પૂછ્યું; ‘કેમ અવાજ બંધ થઈ ગયો છે ?’ રાણીઓએ ઉત્તર આપતા નમ્રતાપૂર્વક જણાવ્યું; ‘મહારાજ ! આપશ્રીને કંકણનો અવાજ સહન થતો નથી, તેથી અમે હાથમાં માત્ર એક એક સૌભાગ્યકંકણ રાખીને બાકીના ઉતારી નાખ્યા છે.’

બસ ! રાણીઓના આ જવાબ માત્રથી જ રાજાના મનમાં એક વિચાર ઝબકી ગયો તેને થયું કે, જ્યાં અનેક છે ત્યાં જ ઘર્ષણ છે. જ્યાં એક છે ત્યાં કોઈ તકલીફ નથી. હું વિષયોના, અનેક કષાયોના, શરીરના મોહના ઘર્ષણથી પરેશાન થઈ ગયો છું નથી જોઈતું મને આ રાજ્ય, નથી જોઈતી ભૌતિક સામગ્રી નથી જોઈતી પરિવાર, બસ ! બહુ ભોગ ભોગવી લીધા, હવે તો માત્ર ચાલ હું નીકળી પડુ એક માત્ર મારા આત્માના વિકાસ માટે માંદગીના બિછાનામાંથી ઊભો થઈ ચાલી નીકળ્યો પોતાના આત્માની સમીપ રહેવા.

તો મિત્રો ! તૈયાર થઈ જાઓ આ પર્યુષણ પર્વમાં આત્મવિકાસની કેડીએ પગલાં પાડવા...

***ગાડી ચલાવનાર ડ્રાઈવર જો સ્ટરીંયગ પર બેસી બેધ્યાન બને તો ? એક્સીડન્ટ***
***હજામત કરનારો હજામ જો બેધ્યાન બને તો ? લોહીની ધાર નીકળે.***
***યુદ્ધના મેદાનમાં સૈનિક જો બેધ્યાન બને તો ? મૃત્યુ નિશ્ચિત.***
***મુનિ ભગવંતો ભોજનમાં જો બેધ્યાન બને તો ? સાધનામાંથી પતન થાય.***

એમ આપણે આપણી અંતરયાત્રામાં જો બેધ્યાન બનીએ તો આખો માનવભવ બગડ્યા વિના રહે નહીં.


**તો ચાલો ! સહુ પર્વાધિરાજ પર્યુષણની આરાધના સુખસાતા પૂર્વક કરીને આત્મદીપ પ્રગટાવી જીવનને ઉજમાળ બનાવીએ.**


**અસ્તુ.**

**❑ ભારતી બી. શાહ**

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત
# શ્રી સમ્મેત શીખરજી મહાતીર્થ યાત્રા પ્રવાસ





## સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાશ્રીઓ :-

૧. શ્રી પંકજભાઈ નેમચંદભાઈ ચુનીલાલ શાહ (પોળની શેરી)
૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)
૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)
૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)
૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)
૯. શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુર મહેતાનો પાડો)
૧૦. શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ (હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ) (લખિયારવાડો)

## ખાસ નોંધ :-

* આ યાત્રા પ્રવાસમાં યાત્રિકોને વિમાન દ્વારા લાવવા તથા લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવનાર છે.
* યાત્રા પ્રવાસમાં જોડાનાર સભ્યનું આધારકાર્ડની ઝેરોક્ષ ફોર્મ સાથે મોકલવી જરૂરી છે.
* શારિરીક રીતે અશક્ત કે માંદગી ધરાવનારે ફોર્મ ભરવું નહીં.
* આપના દ્વારા ભરાયેલ અરજીફોર્મની તપાસણી કરી યોગ્ય હશે તેજ અરજદારની અરજી સ્વીકારાશે. નિર્ધારિત ક્ષમતા કરતા વધારે પ્રમાણમાં અરજી આવશે તો તેઓ વચ્ચે લક્કી ડ્રો કરી અરજી સ્વીકારાશે.
* અસ્વીકૃત થયેલ અરજદારને ભરેલ નિયત રકમ પરત કરવામાં આવશે.
* સ્વીકૃત થયેલ અરજદારનું નામ કોઈપણ કારણસર રદ કરાવાશે તો તેઓને ભરેલ રકમ પરત કરવામાં આવશે નહીં, તેમજ નામ ફેરબદલી પણ થઈ શકશે નહી.
* યાત્રા પ્રવાસના અંદાજીત ખર્ચ તેમજ ઉપલબ્ધ બજેટની ગણતરીને આધારીત ૩૦૦ યાત્રિકોનો સમાવેશ શક્ય છે, પરંતુ સમાજમાંથી આ યાત્રા પ્રવાસ માટેનો ઉત્સાહ જોતા સારી એવી સંખ્યામાં લોકો જોડાવવા ઈચ્છા ધરાવે છે.
* વિમાન દરની રકમના ચોક્કસ રકમ યોગદાન રૂપે આપીને પણ આ યાત્રા પ્રવાસમાં જોડાવવાની સમાજની માંગને ધ્યાનમાં લેતાં, વધુમાં વધુ યાત્રિકોનો સમાવેશ થાય તે હેતુથી સંસ્થાએ A / B એમ બે કેટેગરી ફોર્મમાં દર્શાવેલ છે, તે મુજબ આપને કોઈપણ એક કેટેગરી સ્વીકારવાની સામેના બોક્ષમાં ☑ કરવાનું રહેશે અને તે મુજબની રકમ ભરવાની રહેશે.
* સાથે રહેતા પરિવાર દિઠ વધુમાં વધુ બે વ્યક્તિનો યાત્રા પ્રવાસમાં સમાવેશ થઈ શકશે.
* યાત્રા પ્રવાસ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૦૯-૦૯-૨૦૨૩.


**યાત્રા પ્રવાસ કન્વીનર :-**

શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - ૯૮૨૦૦૬૪૬૬૮

શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ • શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) - ૯૩૨૩૭૪૨૭૮૯

## સંસ્થાના ૧૧૦ વર્ષના ઈતિહાસમાં સમાજના પરિવારો માટે સહુ પ્રથમ વિમાન યાત્રા પ્રવાસ

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત

## પાવાપુરી - લચ્છવાડ - ઋજુવાલિકા - ક્ષત્રિયકુંડ અને
## શ્રી સમ્મેત શીખરજી મહાતીર્થનો
## વિમાન યાત્રા તેમજ ૨x૨ એસી બસ સુવિધા સાથે લક્ઝુરિયર્સ પંચતીર્થી યાત્રા પ્રવાસ

**શુભ પ્રયાણ : શનિવાર, તા. ૨૪-૦૨-૨૦૨૪ ◆ શુભ આગમન : ગુરુવાર, તા. ૨૯-૦૨-૨૦૨૪**

### અરજી પત્રક માહિતી ફોર્મ

Ref No. ..............................

| ક્રમ | યાત્રિકનું પુરુ નામ | ઉંમર | મહોલ્લો | મોબાઈલ નં. | રહેઠાણ/વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |

| | વિવિધ કેટેગરીની વિગત | દરેક યાત્રિક માટે પ્રવાસ ફી | વિમાન ટીકીટ દર યાત્રિક યોગદાન | યાત્રિક દીઠ કુલ ભરવાની રકમ | ✓ |
|---|---|---|---|---|---|
| A | દરેક યાત્રિક દીઠ પ્રવાસ ફી | રૂા. ૫,૦૦૦/- | - | રૂા. ૫,૦૦૦/- | |
| B | વિમાન યાત્રા ટીકીટ દરના અંદાજે ૬૦% રકમ યાત્રિક યોગદાન. | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | |

અમો ઉપર મુજબની **A** ☐ **B** ☐ કેટેગરીમાં જોડાઈએ છીએ. ( ✓કરવી)

તારીખ .......................... અરજદારની સહી ...............................

.....................................................................................................

### ફોર્મ મળ્યાની પહોંચ :-

Ref No. ................

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત શ્રી સમ્મેત શીખરજી મહાતીર્થ યાત્રા પ્રવાસ

| ક્રમ | યાત્રિકનું પુરુ નામ | ઉંમર | મહોલ્લો | મોબાઈલ નં. | રહેઠાણ/વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |

**A** - કુલ રૂા. ૫,૦૦૦/- ☐ **B** - કુલ રૂા. ૧૫,૦૦૦/- ☐

રૂા.......................... રોકડા મોકલાવેલ છે, ફોર્મ ભરનારની સહી ...............................

ફોર્મ મળ્યાની તારીખ .................... સમય .................. રકમ લેનારની સહી ..................

# SHREE PATAN JAIN MANDAL

## Proudly Announces

### 5th TRADE FAIR & EXHIBITION

**1st October 2023, Sunday, 10.00 am to 6.00 pm**

**Venue: Hotel Tulip Star (Juhu)**

**Young Entrepenurs** નો ઉત્સાહ મંદ ન પડે અને તેઓના વ્યાપારને વધારેમાં વધારે મદદ-ઉત્તેજન મળે તેમ જ આવનાર નવરાત્રી, દિવાળી અને લગ્ન સીઝનનો પણ લાભ મળે એ હેતુસર **Fifth Trade Fair**નું સહર્ષ આયોજન કરેલ છે. જેમાં ૧૫૦ સ્ટોલોનું આયોજન કરેલ છે.

આ વખતે ધંધા માટેની ધગશને વ્યવસ્થિત રીતે રજૂ કરવા મોટા પાયાનું આયોજન એક **BIG TASK** બની રહેશે.

સમિતિના કાર્યકર્તા અને સમાજના વ્યવસાયિકોના મનોબળ વધારવા ઉદારદિલ દાતાઓએ પોતાનો યશસ્વી ફાળો આપી આયોજક ટીમનો ઉત્સાહ બમણો કરી દીધેલ છે.

**તો ચાલો આપણા સમાજને સમૃદ્ધ કરવા ટ્રેડફેરને સફળ કરીએ.**

**ખાસ નોંધઃ-** ગતાકમાં છપાયેલ ટ્રેડફેરની વિગતોને સમાજ તરફથી સુંદર પ્રતિસાદ મળેલ છે, જેના પરિણામે વધુ સભ્યોનો સમાવેશ કરી શકાય તેવા આશયથી ફોર્મ ભરવાની મુદત તા. ૧૦-૦૯-૨૦૨૩ સુધી લંબાવવામાં આવે છે.

### ATTRACTIONS OF 5th TRADE FAIR

1. Hotel Tulip Star (Juhu)
2. Grand AC Banquet and Super AC Dome.
3. Nearby Vile Parle (West).
4. Space for parking with valet service.
5. Free Tea, Coffee, biscuits & mineral Bottle served.

### FORMS COLLECTION & SUBMISSION CENTER

| | | |
|---|---|---|
| **MARIN DRIVE** | : | PJM, HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346 |
| **GOREGAON** | : | PJM, Goregaon, Roopam, 152 Jawahar Nagar, Goregaon West Mumbai 400062, Phone: 9152998865 |
| **BORIVALI** | : | PJM, Borivali, 23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali East, Mumbai 400068, Phone: 28911308 |
| **BHAYANDER** | : | Sidharth Co.op. Hsg. Society, Shivsena Gally Bhayander (W), Thane 401101, Tel: |
| **VILE PARLE** | : | Janakbhai Arvindkumar Shah, 202, 2nd Floor, Siddhachal Building, Next to Cosmos Bank, Hanuman Road, Vile Parle (E), Mumbai-400057 Mo. 9820064668 |

**આપ ઓન લાઈન રજીસ્ટ્રેશન કરી શકો છો : Link https://bit.ly/pjmtradefair2023**

## STRONG PILLARS OF TRADE FAIR & DANDIA RAAS

1 Smt. Bhagwatiben Vinodchandra Shah (Matliwala) (Kanasano Pado)
2 Shri Hemantbhai Kantilal Shah (Salvi) (Salvi Wado)
3 Shri Sandeepbhai Kirtilal Shah (Somira Diamonds) (Kesusethno Pado)
4 Smt. Sudhaben Dineshbhai Shah (Pole ni Sheri)
5 Dr. Jashwantlal Manilal Shah (Bhabhano Pado)

❑ **Ecominomic Upliftment Committee**

**Shri Janakbhai Arvindkumar Shah (1st Vice President)**

**Secretaries :**

**Shri Sanjaybhai Sudhirbhai Shah**

**Shri Nikhilbhai Mahendrabhai Banker**

**Shri Sandipbhai Pramodbhai Shah (Teliyawala)**



# શ્રી પાટણ જૈન મંડળ

અને પ્રોગ્રામ સમિતિ આયોજિત

# દાંડિયા રાસ

## With Big Bang Band

## MANISH & his Troupe



નેસ્કો ગ્રાઉન્ડ, ગોરેગામ

**રવિવાર, તા. ૮ ઓક્ટોબર ૨૦૨૩**

સાંજે ૭.૦૦ કલાકે

(ડીનર સાથે ચોવીહારની વ્યવસ્થા રાખેલ છે.)

## STRONG PILLARS OF TRADE FAIR & DANDIA RAAS

1. Smt. Bhagwatiben Vinodchandra Shah (Matliwala) (Kanasano Pado)
2. Shri Hemantbhai Kantilal Shah (Salvi) (Salvi Wado)
3. Shri Sandeepbhai Kirtilal Shah (Somira Diamonds) (Kesusethno Pado)
4. Smt. Sudhaben Dineshbhai Shah (Pole ni Sheri)
5. Dr. Jashwantlal Manilal Shah (Bhabhano Pado)

**For More details Contact :**

| | | |
|---|---|---|
| Shri Rohitbhai Mahasukhlal Shah | V.Presi | 9820227147 |
| Smt. Alpaben Vineshbhai Shah | Secretary | 9322214197 |
| Shri Kalpeshbhai Rameshchandra Jhaveri | Secretary | 9821129819 |
| Shri Samirbhai Jayantilal Shah | Secretary | 9821040307 |

**ડોનેશન પાસ રૂા. ૪૦૦/-**

‘દાડિયા રાસ’ ડોનેશન પાસની વિતરણ વ્યવસ્થા તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૩થી નીચે મુજબ રાખેલ છે.

**✳ શ્રી પાટણ જૈન મંડળ – મુખ્ય કાર્યાલય ✳**

૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ – ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૮૭૭૯૧૬૧૨૦૯

**✳ શ્રી પાટણ જૈન મંડળ – ગોરેગામ શાખા કાર્યાલય ✳**

રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ – ૪૦૦૦૬૨. ફોન : ૯૧૫૨૯૯૮૮૬૫ સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦

**✳ શ્રી પાટણ જૈન મંડળ – બોરીવલી શાખા કાર્યાલય ✳**

એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ-૪૦૦૦૬૮ ફોન: ૨૮૯૧૧૩૦૮ સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૩.૩૦થી ૬.૩૦

તદ્ઉપરાંત નીચે જણાવેલ કાર્યકરો પાસેથી ઉપલબ્ધ થશે.



| | | |
|---|---|---|
| શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ વિમાવાળા | મરીનડ્રાઈવ | 9323742789 |
| શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા | નાગદેવી | 9819793001 |
| શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ | વિલેપાર્લા | 9820064668 |
| શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી | વિલેપાર્લા | 9821129819 |
| શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ | મલાડ | 7666676701 |
| શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ | કાંદિવલી | 9324370338 |
| શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ | બોરીવલી | 9820280327 |
| શ્રી પાટણ જૈન મંડળ | ભાયંદર | 9029521000 |
| શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ | વસઈ/વીરાર | 9820200523 |



**નોંધ : વેલે પાર્કીંગની વ્યવસ્થા રાખેલ છે.**

❑ પ્રોગ્રામ સમિતિ

Shree Patan Jain Mandal

## SHREE PATAN JAIN MANDAL

# PATAN INDOOR OLYMPICS 2023

**TITLE SPONSOR**

THE ROYALEUM ATELIER

**BIGGEST INDOOR SPORTING EVENTS OF PATAN COMMUNITY IS BACK**
**WELCOME ALL TO SEASON 2**

BADMINTON — TABLE TENNIS



CHESS — CARROM

**3 DAYS EVENT**

**VENUE: NSCI, WORLI** | **DATE : 30TH SEPTEMBER, 2ND & 7TH OCTOBER**

**REGISTRATIONS HAVE STARTED DONT MISS OUT TO PARTICIPATE**

**Valued sponsors for Indoor Olympic Games :-**

**Title Sponsor : ROYALEUM ATELIER (HETAL & DHAVAL SHAH**
**Jersey Sponsor : ZNL (SHRI DANESHBHAI MATLIWALA)**

**Last date to fill up the form is 28/08/2023 till midnight.**

**Link: https://docs.google.com/forms/d/1E4ZhjQr1mq0durarPxXepJMQWgQoR8cVU-VMbEh7wws/edit**

**Anyone willing to be sponsor please contact :-**

Shri Rohitbhai M. Shah (V.Presi ) : 9820227147
Shri Vineshbhai A. Shah (Secretary) : 9322256255
Shri Kamleshbhai C. Shah (Secretary) : 9820045595
Shri Pareshbhai A.Shah (Secretary) : 9820072631

**For more details Contact :**
8591983248
7021096897

Sports committee

## હાર્દિક નિમંત્રણ

### શ્રી પાટણ જૈન મંડળ આયોજિત

## શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન

**દિનાંક : રવિવાર તા. ૦૩-૦૯-૨૦૨૩ • સમય : સવારે ૯.૩૦ કલાકે**

**ભક્તિ સંગીત : શ્રી વિજયભાઈ દોશી અને સાથીવૃદ**

**વિષય : ''દુ:ખને દુર કરવાનો સરળ ઉપાય - શ્રુતજ્ઞાન'' • વક્તા : પ્રો. અંકિત જે. શાહ**

**સ્થળ : હિન્દી વિદ્યાભવન સ્કુલ, એસ.કે. સોમાણી હોલ, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈ, મુંબઈ - ૪૦૦૦૨૦**

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ પૂર્વે પ્રતિવર્ષ યોજાતા પ્રવચનની જેમ આ વર્ષે પણ યોજાયેલ આયોજનમાં સમાજના સર્વે પરિવારજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક વિનંતી છે.**

❑ **પ્રોગ્રામ સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ

### શાળા, કોલેજમાં ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓ માટે સૂચના

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે.

**અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું. Form Onlineથી પણ ભરી શકાશે.**

### પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે **પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ** આપવામાં આવે છે. **પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

તદ્અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડિકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

❑ **શિક્ષણ સમિતિ**

## અભિનંદન




**Mr. Sonirbhai Mahendrabhai Shah**
**(Kesu Sethno Pado) Jeevan Chemicals Pvt. Ltd.**

We feel immensely honoured and gratified for being the proud recipients of *"COMPANY OF THE YEAR" award 2023* by FICCI (Federation of Indian Chambers of Commerce & Industry), one of the highly acclaimed bodies who is the voice of India's business and industry. The award was honoured by Shri Bhagwanth Khuba, Hon'ble Minister of State, Department of Chemicals and Petrochemicals, Government of India. This award marks a significant milestone achievement in our ever-progressive journey in the niche field of Specialty Chemicals segment. We look forward to many more such awards by adding substantial contributions to this industry.

# Mental Health Awareness: The Need of the Hour

Mental health is an essential aspect of our overall wellbeing. Mental health refers to a person's emotional, psychological, and social well-being. It affects how we think, feel, and act, and how we cope with stress, make choices. Unfortunately, mental health issues are prevalent in today's society. In fact, the ***World Health Organization*** estimates that approximately one in four people will experience a mental health problem at some point in their lives but there is still a significant stigma attached to mental health issues.

Mental health is essential for our daily functioning and productivity/creativity. Poor mental health can affect our ability to work, think and learn. It can lead to physical symptoms such as fatigue, and headaches. In extreme cases, mental health problems can even lead to suicide. Therefore, it is critical to seek help of professional when needed. Mental health problems can affect individuals of all age groups be it children and adolescents, college students or adults.

Mental health problems can be caused due to various factors, like genetics, life experiences, and environmental factors. Some people may be more prone to certain conditions due to their genetic makeup and suffer mental health issues. **Life experiences such as abuse, trauma, or neglect can also lead to the development of mental health problems.** Environmental factors such as **poverty, stress, and discrimination can also impact mental health.**

Mental health problem defers from person to person and there conditions. Some common **symptoms of mental health problems are** feelings of continues sadness, helplessness or hopelessness, lack of motivation in life, loss of appetite or sleep disorder, difficulty concentrating or making any decisions, social withdrawal or staying in isolation and mood swings/irritability, mild anxiety, severe depression and in extreme cases even suicidal thoughts.

There are effective **treatments** available for mental health disorders, **like therapy, medication, and lifestyle changes.** Seeking help is itself the first step toward recovery, and there is no shame in asking for support. It's important to note that mental health issues are not a sign of weakness or a personal failing. They are medical conditions that require proper diagnosis and treatment, just like any other illness.

Therapy can be helpful in addressing underlying issues and learning coping skills, while medication can help manage symptoms. Lifestyle changes such as exercise, healthy eating, and stress reduction can also support mental health.

**Unfortunately, there is still a significant stigma attached to mental health issues,** which make it difficult for people to seek professional help. It's important for society as a whole to work towards reducing this stigma and promoting greater understanding, educating people about the importance of mental health, normalizing seeking help and acceptance of treatment of mental health disorders.

When seeking treatment for mental health problems, there **are several professionals who can provide support and guidance.** Primary care physician can be a good starting point for seeking help with mental health concerns. They can assess symptoms, provide initial guidance, and refer to appropriate specialists. The choice of whom to go to may depend on the severity of the condition and personal preference. Here are some **professionals like psychologist** who are trained professionals who can diagnose and **treat** various mental health conditions **through therapy and counseling.** They can provide valuable insights, coping strategies, and help to explore and address underlying issues. Even **psychiatrists** who are medical doctors, who specialize in mental health and **prescribe medications** if necessary, and provide a comprehensive treatment plan.

Apart from seeking professional help, there are many **things we can do to support our mental health on a daily basis. Regular exercise, a healthy diet, and adequate sleep** are all essential for maintaining good mental health. Practices **like meditation and yoga can help to reduce stress and promote relaxation.**

**Building strong relationships** and having a support **network of family and friends** is very important for maintaining good mental health. **Socializing, outing, taking regular break from routine, travelling, playing any sports and pursuing hobbies,** can also help to boost overall wellbeing.

So we can conclude that mental health is a crucial aspect of overall wellbeing that can affect all aspects of our lives, and **it's important for individuals to prioritize their mental health just like physical health. Seeking professional help,** practicing self-care, and building a strong support network are all essential for maintaining good mental health.

❑ **Viral Narendra Jhaveri**

# અપરાધ ખમાવવા ઉપર કથા

ઉજ્જયિની નગરીમાં ચંડરૂદ્રાચાર્ય નામે આચાર્ય હતા. કર્મયોગે આચાર્યશ્રી શિષ્યોની સ્ખલના સહન કરી શકતા ન હતા. આથી તેમને ઘણો સંતાપ થતો અને ક્રોધી થઈ જતા. આ ક્રોધ એ પોતાનો મહાન દોષ છે, તે એ સમજતા હતા. આવા દોષના પ્રસંગો વારંવાર ન બને તે માટે સમુદાયથી થોડે દૂર રહેતા.

એક દિવસ પાંચ-સાત તોફાની યુવાનો મજાક-મસ્તી કરતા ત્યાં આવી પહોંચ્યા. એમની સાથે નવો પરણેલો ભદ્રસેન નામનો એક યુવાન હતો. યુવાનોએ મશ્કરી કરતા કરતા સાધુઓને કહ્યું કે, 'અમારા આ મિત્રને દીક્ષા આપો, તેનું માથું મુંડી નાખો.' સાધુઓ સમજી ગયા કે આ યુવકો ફક્ત ટીખળ કરવા આવ્યા છે. સાધુ સમુદાયે અલગ બેઠેલા ગુરુ મહારાજને બતાવ્યા અને તેમની પાસે જવાનું કહ્યું.

એટલે એ ટોળકી આચાર્યશ્રી ચંડરૂદ્રસૂરીજી પાસે આવીને પણ તેવીજ રીતે ભદ્રસેનની મશ્કરી કરવા લાગ્યા તેથી આચાર્યશ્રીને ક્રોધ આવતા રાખોડી મંગાવી. ભદ્રસેનના માથે ચોળી વાળનો લોચ કરી નાખ્યો અને નવા પરણેલા ભદ્રસેનને દીક્ષા આપી દીધી. આથી સાથે આવેલા મિત્રો સ્તબ્ધ થઈ ગયા અને ત્યાંથી નાસી ગયા.

નવ દીક્ષિત ભદ્રસેન સાધુએ આચાર્યને કહ્યું, 'ગુરુજી તમે મારા મિત્રોએ મશ્કરીમાં કહેવાથી મને દીક્ષા તો આપી દીધી પરંતુ મારા લગ્ન તો તાજેતરમાં જ થયેલા છે. મારા સાસરિયાને મારી દીક્ષાની વાતની ખબર પડશે તો તરત જ તેઓ અહીં આવીને ધમાલ કરશે માટે આપણે બન્ને અહીંથી દૂર જતાં રહીએ. એમ કહી, રાત્રીના સમયે આચાર્યશ્રી વયોવૃદ્ધ હોવાથી, પોતાના ખભે બેસાડી ત્યાંથી ચાલી નીકળ્યા. અંધારી રાત્રિ હોવાથી ઊંચા નીચા રસ્તામાં ચાલતા ગુરુ મહારાજને આંચકા લાગતા હતા. તેથી ગુરુ મહારાજને ક્રોધ આવતા પોતાના હાથમાં રહેલો ડાંડો નવદીક્ષિત ભદ્રસેનના માથામાં માર્યો. તાજો જ લોચ કરેલો હોવાથી શિષ્યના માથામાંથી લોહી નીકળવા લાગ્યું. ત્યારે નવદીક્ષિત શિષ્ય સમતા રાખી, મનમાં ચિંતવી છે કે મારા લીધે ગુરુ મહારાજને ખૂબ કષ્ટ થાય છે, મારાથી ગુરુને ઘણી અશાતા થાય છે. એમ નૂતન મુનિ પોતાના દોષોને જોતાં ગુરુ ભક્તિથી શુભ ધ્યાને ચડ્યા અને ક્ષપક શ્રેણી પર ચડીને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાની એવા ભદ્રસેન મુનિને જ્ઞાનના યોગે રસ્તો બરાબર દેખાતા તે ગુરુને આંચકો ન આવે તેવી રીતે બરાબર ચાલવા લાગ્યા. તેથી આચાર્યશ્રીએ પૂછ્યું, 'તું હવે આ અંધારી રાત્રિ હોવા છતાં કેવી રીતે બરાબર ચાલવા માડ્યો.' શિષ્યે નમ્રતાથી કહ્યું, 'આપની કૃપાથી, જ્ઞાનથી હવે રસ્તો બરાબર જાણી શકાય છે.' ગુરુએ પૂછ્યું, 'જ્ઞાન પ્રતિપાતી કે અપ્રતિપાતી છે.' શિષ્યે કહ્યું, 'અપ્રતિપાતી' આ સાંભળતાજ આચાર્યશ્રી ભદ્રસેન મુનિના ખભા ઉપરથી ઉતરી ગયા અને કેવળજ્ઞાની શિષ્યને ખમાવે છે. પોતાથી થઈ ગયેલ ક્રોધના કારણે જે અપરાધ થયો તે માટે તેઓ અત્યંત પશ્ચાતાપ કરે છે. પશ્ચાતાપ કરતા પોતાની જાતની નિંદા, ગર્હા કરતા કરતા આચાર્યશ્રી શુભ ધ્યાને ચઢે છે અને ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈ કેવળજ્ઞાન પામ્યા. આવી રીતે ભાવપૂર્વક પશ્ચાતાપ કરતા, ખામણા ખામતા અનેક ભવ્ય જીવો કેવળજ્ઞાન પામ્યા છે.

* * * * * * *










દાનને વરદાન બનાવવા કર્તુત્વભાવ નહીં, ઉપકાર ભાવ હોવો જોઈએ...

મંગળ પર જઈ જીવન શોધવાની વાત અમેરિકા કરે છે, પણ આપણી સંસ્કૃતિ, આપણો ધર્મ દાનના મહત્વ સાથે જીવન મંગલ કેવી રીતે થાય તે શીખવે છે.

તાઓ નામે એક નાનકડી ૬-૭ વર્ષની બાલિકા તેની મા સાથે રહેતી હતી. મા આસપાસના ઘરોમાં ઘરકામ કરીને ગુજરાન ચલાવતી હતી. ગરીબીમાં તે જીવતી.

તેના ઘરથી થોડેક દૂર એક બુદ્ધ ભગવાનનું મંદિર હતું તાઓના પિતા મૃત્યુ પામ્યા હતા પણ તાઓ મંદિરમાં કલાકો સુધી ભગવાન સામે બેસી રહેતી. તેમની આંખમાંથી વરસતુ વાત્સલ્ય જોયા કરતી અને તેને તેના પિતાનો પ્રેમ દેખાતો. એકીટસે તે ભગવાન સામે પ્રેમથી મનોમન વાતો કરતી.

એક દિવસ જાહેરાત થઈ, ભગવાન બુદ્ધની ભવ્ય પ્રતિમાનું સર્જન થવાનું છે તો દરેક ઘરમાં બૌદ્ધ સાધુ આવશે અને જેને જે આપવું હોય તે આપી શકે છે. તાઓ એ આ સમાચાર સાંભળ્યા. ખુશી ખુશી મા પાસે દોડી ગઈ અને માને કહ્યું કે, 'મા, મારે પણ કંઈક આપવું છે.' તો તું મને બસ એક સિક્કો આપ.. મા પછી હું કાંઈ નહીં માંગુ. પણ આજે તો મને મારા ભગવાન માટે કંઈક આપ.

તાઓ માને કરગરવા માંડી.

દીકરીન વિનંતીને મા એ ન છૂટકે સ્વીકારી અને એક જૂનો પૂરાણો, કટાઈ ગયેલો સિક્કો આપ્યો તાઓ ખુશીથી નાચવા લાગે છે...

તાઓ સિક્કો લઈ ઘરની બહાર ઊભી રહી હમણાં સાધુ ઝોળી લઈને આવશે અને હું આ સિક્કો એમાં આપીશ. મારા ભગવાનને કંઈક આપીશ. જે આંખમાંથી આંસુ વરસતા હતા ત્યાં આનંદ વરસવા લાગ્યો.

ન ભુખ, ન તરસ, ન કંઈ ખાધુ-પીધુ. સવારની બપોર થઈ ગઈ તાઓ ત્યાંજ રાહ જોતી ઊભી રહી. થોડી જ વારમાં તે બૌદ્ધ સાધુઓને આવતા જુએ છે પણ આશું ? એ તો મોટા બંગલા તરફ વળી ગયા.

તાઓ તો જોર જોરથી રડવા લાગી અને તે બંગલાની દિશામાં જોઈને બૂમ મારવા માંડી ભંતે... ભંતે ! મારા દ્વારે આવો અને મારી ભેટ સ્વીકારો. બૌદ્ધ સાધુ તેનો અવાજ સાભળે છે અને તાઓ પાસે આવીને ઊભા રહે છે તાઓ ખુશ થઈને કહે છે, ભંતે ! તમે મારી ભાવનાઓનો સ્વીકાર કરશો ને ? સાધુએ એક નજર એના ચહેરા અને કપડા પર કરી મનમાં વિચાર આવ્યો કે આ બાળકી શું આપશે ?

તાઓએ હાથમાં પકડી રાખેલો સિક્કો સાધુના હાથમાં આપ્યો, તાઓના દિલમાં સંતોષ વ્યાપી ગયો તેનો ચહેરો પ્રસન્નતાથી ખીલી ઉઠ્યો.

દેવામાં જે ખુશી હોય તે લેવામાં ક્યારેય ન હોય. સંતે સિક્કો હાથમાં લઈ આમ તેમ ફેરવ્યો અને એમની આંખોના ભાવ ફરી ગયા. આ તો ભગવાનનું અપમાન કહેવાય ! ક્યાં આ સોના-ચાંદીના સિક્કા અને ક્યાં આ કટાઈ ગયેલો સિક્કો.

સંતે તે સિક્કો પાછો તાઓના હાથમાં ન આપતા ગુસ્સાથી એની ઝૂંપડીમાં ઘા કર્યો. તાઓના દિલના ટૂકડે ટૂકડા થઈ ગયા સંતોના વ્યવહારથી અવાચક થઈને રડવા લાગી.

શું હું મારા ભગવાનને લાયક નથી ? શું મારો પ્રેમ ઓછો છે ? મારા ભાવ ઓછા છે ? શું હું ભગવાન માટે કાંઈ ન કરી શકું ? આમ તાઓનું રૂદન તો રોકાતું નથી.

આ બાજુ સોના-ચાંદી બધુ ભઠ્ઠીમાં ઓગાળી, સુંદર પ્રતિમાનું સર્જન શરૂ થઈ ગયું. નવમાં દિવસે અનાવરણ થવાનું છે. સાતમો દિવસ છે સાત સાત દિવસથી તાઓએ કંઈજ ખાધુ નથી મા એ તો બહુજ મનાવી. પણ તાઓએ નિરાશાજનક સ્વરે મા ને કહ્યું, મા ! જો આ જીવન મારા ભગવાન માટે કામનું નથી, તો મારે જીવીને શું કરવું છે ? મા ! પરમાત્માએ મારી ભાવના કેમ ન સ્વીકારી ? મા મારે હવે કંઈ જ કરવું નથી.

અને એ દિવસ પણ આવી ગયો. આખા ગામમાં લોકો રાજી રાજી છે બધાના ચહેરા પર આનંદ છે માત્ર તાઓની આંખમાં વેદનાના આંસુ છે. મહાન સંતો અને ગામના નગરજનોની હાજરીમાં ભગવાન બુદ્ધની પ્રતિમાનું અનાવરણ થાય છે અને વડીલ સંત આશ્ચર્ય ચકિત થઈ જાય

છે. અરે ! આ શું ? આ પ્રતિમા તો કોપિત જણાય છે ભગવાન નારાજ જણાય છે. જરૂર કંઈક ભૂલ થઈ છે. બધાજ સાધુઓને વડીલ સંત બોલાવે છે અને પૂછે છે, શું તમારાથી કોઈનું દિલ દુભાયું છે ?

પેલા ભંતેને નાનકડી તાઓ યાદ આવી અને ગુરુ સમક્ષ બધી વાત કરી. ગુરુએ આજ્ઞા કરી; 'જાઓ... હમણા જ એના ઘરે જાઓ, એની ક્ષમા માંગો અને એ સિક્કો લઈ આવો.'

સાધુ તાઓની ઝૂપડી પાસે આવે છે અને બૂમ મારે છે, તાઓ... !

મા ઘરકામ કરવા ગઈ છે, તાઓના કાનમાં પોતાના નામનો અવાજ સંભળાયો ચહેરા પર ખુશી છવાઈ ગઈ. લાગ્યું કે જરૂર પેલા સંત ભગવાન જ મારા ઘરે આવ્યા હશે, તે દરવાજા પાસે દોડી ગઈ. આંગણામાં પેલા સંત જ ત્યાં ઊભા હતા. સંત તાઓને કહે છે; 'તાઓ... અમને માફ કરી દે, અમે તારી ક્ષમા માંગવા આવ્યા છીએ અને તારો સિક્કો લેવા આવ્યા છીએ, તારા સિક્કાની જરૂર છે તારા વિના ભગવાન નારાજ છે.'

તાઓ તો આનંદથી નાચી ઊઠી દોડતી અંદર ગઈ અને એજ સિક્કો સંતના હાથમાં અર્પણ કર્યો તેના ચહેરા પર સંતોષ અને પ્રસન્નતાની રેખાએ આવી ગઈ. ભગવાનની પ્રતિમાને ફરી ભટ્ટીમાં ઓગાળવામાં આવી અને તેમાં તાઓનો સિક્કો નાખવામાં આવ્યો.

બે દિવસમાં પ્રતિમાનું સર્જન થઈ ગયું. અનાવરણ કરવાનો દિવસ આવ્યો અને ફરી ગુરુએ શિષ્યોને કહ્યું, જાઓ પેલી બાલિકાને બોલાવી લાવો. અનાવરણ એ બાલિકા કરશે.

તાઓ આવે છે, આસપાસ મહાજ્ઞાની અને મહાન સાધુ-સંતો ઉપસ્થિત છે અનાવરણ થાય છે. ભગવાનના ચહેરા પર અનેરી પ્રસન્નતા છે. તાઓ તો અનિમેષ નયને તે ભગવાનને નિહાળી રહી છે. નાની નિર્દોષ તાઓ વિચારી રહે કે શું મારો અવાજ મારા ભગવાન સુધી પહોંચી ગયો ? મારા ભાવને તેઓએ સ્વીકારી લીધા, પ્રભુના પ્રેમમાં હું તો ભિંજાઈ રહી છું, હું ધન્ય બની ગઈ છું અને તાઓનું નામ ઈતિહાસમાં અમર થઈ ગયું.

તમે શું આપો છો એનું મહત્વ નથી, તમે કેટલું આપો છો તેનું મહત્વ નથી પણ આપવા પાછળ તમારા ભાવ કેવા છે તેનું મહત્વ છે.

હું કંઈક આપું છું એ માનવું એ મોટો ભ્રમ છે, આપ્યા પછી મેં આપ્યું એવા ભાવ આવવા ન જોઈએ. દાન આપીને અભિમાન ન આવવું જોઈએ.

મારા પર મારા ગુરુનો મહાન ઉપકાર છે કે એમની પ્રેરણાથી મારો પરિગ્રહ છૂટયો મને કંઈક સારું કાર્ય કરવાની તક આપી.

પરમાત્મા પદાર્થથી નહીં, પ્રેમથી રીઝે છે.

❑ **સંકલન : ભારતી શાહ**

*******


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ— ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬—૨૨૫૮૫૩**

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**વાર્ષિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

**મેળવો ત્રણ ત્રણ લાભ**


❂ સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન ❂ સાધર્મિક ભક્તિ ❂ મુમુક્ષુ ભક્તિનો લાભ

**તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.**

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧**

**સૌજન્યઃ મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT


Project
Under Consideration
Saurabh Medical Health Care

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| No. | Details | Donors Name | Cost Amt. |
|---|---|---|---|
| 1) | | Smt. Arunaben Babulal Shah | 5.25 Cr |
| 2) | | Smt. Pannaben Kapoorchand Sonawala | 4.00 Cr |
| | | **Main Donor of Project** | |
| 3) | | Late Shri Champaklal Manilal Jhaveri<br>Late Smt. Vasantben Champaklal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai Champaklal Jhaveri.<br>Shri Dhananjaybhai Champaklal Jhaveri | 2.50 cr. |
| | | **Cardiology Department** | |
| 4) | | Smt. Bhagvatiben Vinodchandra Shah | 1.50 Cr |
| | | **Pathology** | |
| 5) | | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | 1.25 Cr |
| | | **Sonography Department** | |
| 6) | | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | 1.25 Cr |
| | | **Dialysis Centre** | |
| 7) | | Smt. Neelaben Ashokbhai Popatlal Shah | 50 Lc |
| | | **Sadhu Bhagwant Room** | |
| 8) | | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | 50 Lc |
| | | **Sadhviji Bhagwant Room** | |
| 9) | | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | 50 Lc |
| | | **Memmography** | |
| 10) | | એક પુણ્યશાળી દાતા પરિવાર | 50 Lc |
| | | **General Consulting** | |
| 11) | | Shri Shirishbhai Mafatlal Jhaveri<br>Haste: Smt. Vilashben Shirishbhai Jhaveri Parivar | 25 Lc |
| | | **Waiting Area** | |
| 12) | | Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | 25 Lc |
| | | **Reception Room** | |
| 13) | | Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara | 25 Lc |
| | | **Conference Room** | |

## We Welcome Donors for the following Department

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 14. | X-ray | ......... | 1.25 Cr | 21. | Dermatology | ......... | 0.50 Cr |
| 15. | Physiotherapy | ......... | 1.25 Cr | 22. | Homeopathy | ......... | 0.50 Cr |
| 16. | General Surgery | ......... | 1.25 Cr | 23. | Internal Medicine | ......... | 0.50 Cr |
| 17. | Dental | ......... | 1.00 Cr | 24. | Orthopedic | ......... | 0.50 Cr |
| 18. | ENT | ......... | 1.00 Cr | 25. | Ayurvedic | ......... | 0.50 Cr |
| 19. | Ophthalmology | ......... | 1.00 Cr | 26. | Diabetic | ......... | 0.50 Cr |
| 20. | Pediatric | ......... | 1.00 Cr | 27. | Gynecology | ......... | 0.50 Cr |

### Contact for Donation

Shri Daneshbhai Vinodchandra Shah - 9930891985

Shri Hemantbhai Kantilal Salvi - 9820048367 • Shri Janakbhai Arvindkumar Shah - 9820064668

We are hiring DR for Radiologist / Sonologist / Cardiologist / MD Physician / Orthopaedic / ENT /Dermatologist / Physiotherapist / Pathologist / Ophthalmologist / Diabetologist Paediatrician / General Surgeon / Gynaecologist / Dentist / MD Ayurvedic / Homeopathy At

upcoming charitable Medical Centre -

SHREE PATAN JAIN MANDAL Sanchaalit

SAURABH MEDICAL HEALTH CARE

At

101-201,Prem Tower-A, Jawahar Nagar, S.V. Road,
Opp. Goregaon Police Station, Goregaon (W), Mumbai-400104.

Contact Person: Mr. Anand Andhe (Chief Executive Officer)

Mob: 9702572925 OR send your CV on Email-smhc@patanmandal.org

## મોક્ષ માર્ગના દ્વારમાં પ્રવેશ કોને મળે ?

મોક્ષના દ્વારે મોટી ભીડ જામી હતી. મહામાનવ સમુદાયમાના પ્રત્યેક માનવને મોક્ષમાં જવું હતું. દિગતમાં જવું હતું. દિંગત એટલે જ્યાં દશે દિશાઓ વલય પામે તે સિદ્ધાલય, પરંતુ દિંગતના માર્ગે જવાનું હાર ખુલતું ન હતું. દ્વારપાળ દ્વાર ખોલતો નહોતો. કેટલાક પંડિતોએ વિદ્વાનોએ આગળ આવીને કહ્યું, 'અમે જ્ઞાની છીએ અમે હજારો શાસ્ત્રો વાંચ્યા છે. લાખો લોકોને ધર્મોપદેશ આપ્યો છે. અમારે મોક્ષમાં જવું છે, દ્વાર ખોલી નાખો.

દ્વારપાળે કહ્યું, અહી શાસ્ત્રોનું મૂલ્ય નથી, અનુભવનું મૂલ્ય છે, સ્વાનુભૂતિનું મૂલ્ય છે. જનોપદેશની કિંમત નથી, ઉપદેશનું મૂલ્ય છે. તમને મોક્ષમાં પ્રવેશ નહીં મળે.

ભીડમાંથી કૃષકાય તપસ્વી મુનિ, સન્યાસીઓ આગળ આવ્યા અને તેઓએ કહ્યું કે, 'અમે ઘોર તપસ્યા કરી છે, કેટલાય ઉપવાસ કર્યા છે, કષ્ટદાયી વ્રત-નિયમોનુ પાલન કર્યું છે, અમારે માટે મોક્ષનું દ્વાર ખોલો.'

દ્વારપાળે કહ્યું કે, 'આ વ્રત નિયમોનું પાલન અને તપ-ત્યાગ તમે કઈ ભાવનાથી કર્યું હતું તે જાણવું પડશે... હા, તમે તે યશ પ્રતિષ્ઠા માટે માન-સન્માન પામવાની ઈચ્છાથી અને સ્વર્ગના સુખો પામવાની ઈચ્છાઓથી આ બધુ કર્યું હતું. માત્ર તપ-ત્યાગ અને વ્રતનિયમોનું પાલન કરનારાઓ માટે મોક્ષદ્વારમાં પ્રવેશ નથી મળતો બાહ્ય સાથે અંતરતપની જરૂર હતી. કામેચ્છારહિત તપની જરૂર હતી. તમે ધર્મ ક્રિયાઓ કરી હતી પરંતુ ધર્મ ધ્યાન કર્યું ન હતું. માટે અહીં પ્રવેશ ન મળે... અહીંથી પાછા જાઓ.'

ભીડ કંઈક ઓછી થઈ તો બીજા કેટલાંક આગળ આવ્યા અને બોલ્યા, 'અમે સમગ્ર જીવન પરોપકારમાં વ્યતિત કર્યું છે માટે અમને પ્રવેશ મળવો જોઈએ.' દ્વારપાળ કહે, 'તમારા દાન પાછળ પ્રચ્છન્ન અહંકાર અને પરોપકાર પાછળ પ્રતિષ્ઠા પામવાની ઈચ્છા છૂપાયેલી હતી, શુદ્ધ ભાવના વગર કરેલા જીવોપકારની અહીં કશી જ કિંમત નથી.'

ભીડ ચાલી ગઈ, પરંતુ સૌથી પાછળ એક મનુષ્ય ઊભો હતો દ્વારપાળે એને પૂછ્યું, 'ભાઈ તું હજુ કેમ ઊભો છે ? અહીં શા માટે આવ્યો છે ?'

તેણે કહ્યું, 'કોણ મને અહીં લઈ આવ્યું છે તેની મને ખબર નથી, મારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી, મે ઘોર તપ કે વ્રતો કર્યા નથી કે કઠોર નિયમો પાળ્યા નથી આમ મારી પાસે કશું નથી.'

હા, કોઈ જીવ સાથે શત્રુતા ન હતી, કોઈને હું નડયો નથી. સૌને માટે મારા હૃદયમાં પ્રેમ છે, મૈત્રીભાવનું ગાન મારા હૃદયમાં સતત ગુંજન કરે છે. કોઈને દુ:ખી જોઈ મારા નયનો કરૂણાજળથી છલકાઈ ઉઠતા, સંતો અને સજ્જનોને જોતાં મારું હૃદય પ્રમોદભાવથી પુલકિત થતું.

મારા પ્રત્યે અયોગ્ય વર્તન કરનાર પરત્વે મને હેત ન આવતો પણ માધ્યસ્થ ભાવ વડે હું તેમની ઉપેક્ષા કરતો, પરંતુ આટલા માત્રથી મોક્ષ માર્ગે જવાની, પ્રવેશદ્વારમાં પ્રવેશની મારી યોગ્યતા પ્રાપ્ત થતી નથી, માટે હું પણ પાછો વળું છું. પરંતુ તેમાં આશ્ચર્ય વચ્ચે દ્વારપાળે તેને માટે મોક્ષમાર્ગનું દ્વાર ખોલી નાખ્યું હતું.

આ એક ઉપનય કથા છે વાસ્તવમાં મોક્ષદ્વારેથી આપણે કરોડો જોજન દૂર છીએ આપણે સૌએ માર્ગે જવા તત્પર છીએ એટલે આ દ્રષ્ટાંતકથાનું ચિંતન કરતા જીવનમાં મોક્ષમાર્ગે જવાના ગુણોનું સ્પષ્ટીકરણ થશે.

માત્ર જ્ઞાની કે પંડિત થવાથી એ માર્ગે જઈ શકાશે નહીં, જ્ઞાન સાથે ભાવયુક્ત ક્રિયા ભાવે તો મોક્ષ દ્વારે જઈ શકાશે.

❑ સંકલન : ભારતી શાહ

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ




**સમાજના દાતાશ્રીઓનો અદ્‌ભુત પ્રતિસાદ**
**રૂા. ૫ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૨ કરોડની દાન ઉપલબ્ધી.**

| | |
|---|---|
| **શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ** | રૂા. ૧,૫૧,૦૦,૦૦૦/- |
| **ગત પ્રતિબિંબ અંકોમાં પ્રકાશિત થયા મુજબ** | |
| ◆ ૧૪ ક્લાસરૂમના દાતાશ્રીઓ | રૂા. ૯૮,૦૦,૦૦૦/- |
| ◆ કોમ્પ્યુટ રૂમ, સિદ્ધહેમ લોબી, લાયબ્રેરી, સ્ટાફરૂમ, પ્રિન્સીપલ રૂમ, સંગીત રૂમ, આર્ટ રૂમ, બાલવાટીકા, વિઝિટર્સ રૂમ, વોટર રૂમ વિગેરે વિભાગના દાતાશ્રીઓ | રૂા. ૧,૦૭,૫૦,૦૦૦/- |
| **નવા પ્રાપ્ત દાતાશ્રીઓની યાદી** | |
| સિદ્ધહેમ લોબી : ડૉ. વિક્રમભાઈ વરજીવનદાસ - હ. જયશ્રીબેન (અમેરિકા) | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| કેન્ટીન : શ્રીમતી કાંતાબેન નાનકચંદ મોતીચંદ શાહ (કુંભારીયા પાડો)-હ. શ્રીમતી પ્રિતીબેન પરેશભાઈ શાહ | રૂા. ૫,૫૦,૦૦૦/- |
| **દાતાશ્રીઓની અનુમોદના - સહ અભિનંદન**   કુલ રકમ | રૂા. ૩,૭૨,૦૦,૦૦૦/- |

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

**નૂતન પ્રાથમિક સ્કુલ પ્રોજેક્ટમાં નાનાથી મોટા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા પટ્ટણીઓ વિદ્યાદાન આપી જોડાઈ શકે તે હેતુથી નીચે મુજબની યોજના જાહેર કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.**

## GOLDEN STONE

**Scheme**

**2,00,000/- (રૂા. ૨ લાખ)**

જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે.

## SILVER STONE

**Scheme**

**1,00,000/- (રૂા. ૧ લાખ)**

જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે.

દાન આપનારનું નામ નૂતન વિદ્યાલયમાં ગ્રેનાઈટની તક્તી પર સોનેરી તથા રૂપેરી અક્ષરે મઢવામાં આવશે.
વિદ્યાદાન આપી પૂણ્યાનુંબંધી પૂણ્ય કમાવવાની અમૂલ્ય તક.

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

જીવન સૌરભ પાટણ સીનીયર સીટીઝન્સ ફોરમ

# શ્રી પાટણ જૈન મંડળ

## જીવન સૌરભ સમિતિ આયોજિત

# સુનહરી યાદેં *ગાતા રહે મેરા દિલ*

## ગીત– સંગીત રંગારંગ કાર્યક્રમ

સમાજના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ભાઈ-બહેનોના મનોરંજન માટે દિવાળી બાદ જુના-નવા ગીતો સાથેનો એક ખાસ રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે તેમાં આપ સર્વેને સહર્ષ સહભાગી થવા વિનંતી છે.

## રવિવાર, તા. 03 ડિસેમ્બર ૨૦૨૩

**સ્થળ: બિરલા માતુશ્રી સભાગૃહ, મરીનડ્રાઈવ, મુંબઈ – ૪૦૦૦૨૦**

**સમય : સવારે ૯.30 થી ૧.00 કલાકે**

કાર્યક્રમ પશ્ચાત પ્રિતી ભોજનનો અવશ્ય લાભ આપવા વિનંતી.

**ડોનેશન પાસ વિતરણ વ્યવસ્થા અંગે ઓક્ટોબર માસના પાટણ પ્રતિબિંબમાં વિગતો જણાવવામાં આવશે.**

**કાર્યક્રમના વિશાળ ખર્ચને પહોંચી વળવા રૂા. 3 લાખના ચાર દાતાઓ આવકાર્ય છે.**

વધુ વિગતો માટે સંપર્ક :-

- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) ઉપપ્રમુખ મો. 9323742789
- શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ (માનદમંત્રી) મો. 9833116262
- શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ (માનદમંત્રી) મો. 9820126885
- શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ (માનદમંત્રી) મો. 9820190551
- શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરી (સહમંત્રી) મો. 9820782820

## SHREE PATAN JAIN MANDAL

our upcoming event is as below.

**PCL PATAN CRICKET LEAGUE Season 2.**

## BOX CRICKET

Block the Dates:-

**2nd, 3rd, 9th & 10th December 2023**

**More details in next Pratibimb.**

❑ Sports Committee.

## હૈયાનો હોંકારો

જ્યારે તમે એક કામમાં સંપૂર્ણ તન્મય અને તદાકાર થાવ છો ત્યારે તે કામ તમારી પાસે હૈયું ખોલીને વાત કરે છે. તમને તે કામમાં આગળ વધવાની સૂઝ પણ પડતી જાય છે. વચ્ચે વચ્ચે તમારા કામનો તમને અંદરથી હોંકારોય મળતો રહે છે. ક્યારેક તો કોઈ કામ સુંદર રીતે પાર ઉતરે ત્યારે અંદરથી શાબાશી પણ સંભળાતી હોય છે.

# પાટણના જગવિખ્યાત જ્ઞાનભંડારો

વિષયોની દ્રષ્ટિએ પણ પાટણના જ્ઞાનભંડારો નોંધપાત્ર બની રહેલા છે. અહીં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી, હિન્દી, મરાઠી, ફારસી વગેરે ભાષાઓમાં તથા બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન લેખકોએ લખેલા ધર્મશાસ્ત્રો, ભાષ્યો-ટીકાઓ ઉપરાંત વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, નાટકશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, ન્યાય, આયુર્વેદ, તત્વજ્ઞાન, લલિતસાહિત્યના કાવ્યો, નાટક કથા આદિ સ્વરૂપોના ગદ્ય-પદ્યમય ગ્રંથો, ચારિત્રગ્રંથો, રાસાઓ તથા વિવિધ પ્રકારનું પુષ્કળ સાહિત્ય સચવાયેલું જોવા મળે છે. ટૂંકામાં સમય ભારતીય સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં આવા ગ્રંથોનું અતિ ઊંચું સ્થાન અને મૂલ્ય છે. આપણી ભારતીય ભાષાઓના મહત્વપૂર્ણ કોશોની રચના માટેની પુષ્કળ સામગ્રી આ જ્ઞાનભંડારો પૂરી પાડી શકે એમ છે.

તાડપત્ર, કાગળ અને કપડા પર લખાયેલી પ્રતોને લિપિની દ્રષ્ટિએ, અક્ષરોના મરોડની દ્રષ્ટિએ, લેખનસામગ્રી તથા શાહીની દ્રષ્ટિએ, પ્રતોને બાંધવાની દ્રષ્ટિએ, પૃષ્ઠાંકનની દ્રષ્ટિએ અભ્યાસ કરી શકાય છે, તાડપત્રના ગ્રંથો પ્રાચીનતાની દ્રષ્ટિએ તથા એમાના ચિત્રો-ચિત્રપટ્ટિકાઓની દ્રષ્ટિએ મૂલવાય છે. કાગળના ગ્રંથો એમાં સૂચવાયેલા અમૂલ્ય જ્ઞાનરાશિથી તેમજ સાચવણીથી તથા તાડપત્રની આબેહૂબ નકલ હોવાના નાતે મૂલવાય છે. કપડા પર લખેલા ગ્રંથો આકારપ્રકારથી તથા નાવીન્યપૂર્ણ માધ્યમના સંકુતૂહલ જોવાય છે, કાજળની શાહી ઉપરાંત સોના ચાંદીની શાહીથી લખાયેલા તથા અનેકરંગી ચિત્રોવાળા તાડપત્રીય ગ્રંથો આજેય દ્રષ્ટિસંતર્પક તથા પ્રભાવશાળી લાગે છે.

આ હસ્તપ્રતો કાં તો સાધુઓએ જાતે લખેલી છે અથવા તો ધંધાદારી લહિયાઓ પાસે પ્રસંગે પ્રસંગે લખાવેલી છે. આ લહિયાઓ બ્રાહ્મણો, કાયસ્થો, ભોજકો વગેરે જાતિના હતા અને લેખનકાર્યમાં ખૂબજ નિપુણ હતા. આને લીધે જ હસ્તપ્રતોના લેખનનું ઊંચું ધોરણ જળવાઈ રહ્યું હતું. આજે પણ પાટણના ભંડારોની મોતીના દાણા જેવા સુંદર હસ્તાક્ષરોમાં લખાયેલી હસ્તપ્રતો જોઈને આપણે સાનંદાશ્ચર્ય અનુભવીએ છીએ. એમ લાગે છે કે હસ્તપ્રતોની નકલો કરાવવાના કામમાં તે તે સમયે સારું એવું દ્રવ્ય ખર્ચાયું હશે.

તાડપત્રીય પ્રતોની વચ્ચે કાણું પાડીને જુદા જુદા પૃષ્ઠોને એક દોરો કે ગ્રંથી પરોવીને એકઠા બાંધવામાં આવેલા છે. પ્રતની ઉપર તથા નીચે, પ્રતના રક્ષણ માટે તેમજ પાંદડા ગોઠવીને વાંચવા માટે લાકડાની પટ્ટીઓ ગોઠવેલી હોય છે, આ પટ્ટીઓ ઉપર ઘણી વખત સુંદર ચિત્રાંકન કરેલું પણ જોવા મળે છે. રેશમની કે સૂતળીની દોરી લપેટીને એ હસ્તપ્રતોને બાંધવામાં આવે છે ને પછી એને દાબડામાં બંધ કરવામાં આવે છે. ઘણીવાર પ્રતની ઉપર લાલ કપડું વીટી દીધેલું હોય છે. આવી મોટામાં મોટી પ્રત ૩૬'' x ૨ ૧/૨ ના માપની હોય છે, જ્યારે નાનામાં નાની પ્રત ૪ ૧/૨ x ૧ ૧/૨ ના માપની હોય છે. દક્ષિણ ભારતમાં મળતી તાડપત્રીય હસ્ત પ્રતોથી પાટણના ભંડારોમાં સચવાયેલી તાડપત્રીય પ્રતો જુદી પડી જાય છે. માપ, પાંદડાની ગુણવત્તા તેમજ લેખન રીતીની બાબતમાં આ તફાવત જોઈ શકાય છે. પાટણની પ્રતોના તાડપત્રના પાના પાતળા, નરમ અને ચમકાટવાળા છે. વળી આ તાડપત્રો પરનું લખાણ કોતરેલું નથી પણ બરુના કિત્તાથી લખેલું છે. વળી પાટણના ભંડારોની તાડપત્રીય પ્રતો જુદી પડી જાય છે. માપ, પાંદડાની ગુણવત્તા તેમજ લેખનરીતિની બાબતમાં આ તફાવત જોઈ શકાય છે. પાટણની પ્રતોના તાડપત્રના પાના પાતળા, નરમ અને ચમકાટવાળા છે. વળી આ તાડપત્રો પરનું લખાણ કોતરેલું નથી પણ બરુના કિત્તાથી લખેલું છે. વળી પાટણના ભંડારોની તાડપત્રીય પ્રતો વધારે પ્રાચીન છે. આ પ્રતોની લિપિ જૂની દેવનાગરી લિપિ છે, જે તે વખતના શિલાલેખોની લિપિને મળતી આવે છે. તાડપત્રના પાના મલબાર વગેરે સ્થળેથી મંગાવવામાં આવતા, જ્યારે કાગળ ગુજરાતના જ અમદાવાદ, ખંભાત, સૂરત વગેરે સ્થળેથી મળી રહેતો. એ વખતે ગુજરાતમાં સારી જાતનો મજબૂત કાગળ મળી રહેતો. જો કે વધારે ઊંચી જાતના કાગળો કાશ્મીરમાંથી તથા દક્ષિણમાંથી મંગાવવામાં આવતા હતા. 'સૂરત નગરથી કોરા કાગળો લાવીને; હૃદયથી ખરી ભક્તિથી કનકસોમ નામના મુનિએ મહેનત કરીને પ્રતિ (શાસ્ત્રનોગ્રંથ) લખેલી છે.' એવો ઉલ્લેખ પણ મળે છે. હસ્તપ્રતોના દેખાવ તથા જાત પરથી એને મુષ્ટિપુસ્તક, સંપુટફલક, ગહિડપુસ્તક વગેરે નામો આપતા. પાછળથી લખાણના દેખાવ વગેરે પરથી શૂટ પુસ્તક, દ્વિપાઠ્ય પુસ્તક, સસ્તબક ગ્રંથ, ચિત્રપુસ્તક વગેરે નામે ઓળખાતા.

આ ભંડારોમાં વિભિન્ન ગ્રંથોની સચિત્ર નકલો પણ મળે છે. આ ચિત્રો ઘણા જ સુંદર હોય છે, એ તો ખરું જ પણ એમાના ઘણા ચિત્રોને પુસ્તકના વિષય સાથે ગાઢ સંબંધ હોય છે. જોકે આ બધા ચિત્રો ગ્રંથની રચનાની સાથે થયેલા છે કે પાછળથી તેને વિશે ચોક્કસ માહિતી મળતી નથી. આવા એક ચિત્રમાં આચાર્ય હેમચંદ્રસૂરિ કુમારપાળ રાજાને બોધ આપતા જણાય છે, તો હેમચંદ્રાચાર્યરચિત 'સિદ્ધહેમલઘુવૃત્તિ'માં સિદ્ધરાજનું સર્વપ્રથમ ચિત્ર મળે છે. એક ચિત્રમાં ૧૧-૧૨ માં શતકમાં ગુરુ શિષ્યને કેવી રીતે શીખવતા તે બતાવેલું છે. એ ચિત્રની નીચે 'પંડિત વિદ્યાર્થીઓને વ્યાકરણ શીખવે છે' એમ લખેલું છે. પાટણના ભંડારોમાં વિવિધ ચિત્રશૈલીઓમાં દોરેલી ચિત્રકળા ખાસ ધ્યાન ખેંચે છે.

આ જ્ઞાનભંડારો એ આજના અને આવતી કાલની ભારતીય વિદ્યાના ઉપાસકોની તથા વિદ્વાનોની મોટી મૂડીરૂપ છે, જેને ભંડારોમાં સચવાયેલી જ્ઞાનસંપત્તિની પરિભાષા, લિપિ તથા અન્ય સંકેતોનું જ્ઞાન છે, તેને માટે આ જ્ઞાનમંદિર દિવ્ય ખજાનારૂપ જણાય તો નવાઈ નહીં. આપણી આજની ભારતીય લિપિઓનો અભ્યાસ કરવા માટે દુર્લભ ગ્રંથોની હસ્તપ્રતો વાંચવા માટે, હસ્તપ્રતોનો તુલનાત્મક અભ્યાસ કરીને ગ્રંથસંશોધન કે ગ્રંથ સંપાદન કરવા માટે પ્રસિદ્ધ ગ્રંથો પરની પ્રસિદ્ધ ટીકાઓ કે વૃત્તિઓ વાંચવા માટે તેમજ બીજી અનેક પ્રકારની માહિતી મેળવવા માટે આપણે આ ભંડારોનું નિરીક્ષણ કરવું પડે તેમ છે, આ ભંડારોમાંની જ્ઞાનસંપત્તિ આપણને અધ્યયન માટે અને સંશોધન માટે આમંત્રી રહી છે. આપણે એ આમંત્રણ સ્વીકારવા સજ્જ થવું જોઈએ.

સમાપ્ત

# શ્રી કલ્પસૂત્રનાં ચમકતાં મોતી

પર્વાધિરાજ પર્યુષણનો ચોથો દિવસ એટલે 'કલ્પસૂત્ર' વાંચનનો પ્રારંભ. આચાર્ય ભદ્રબાહુસ્વામીએ લખેલા 'દશાશ્રુતસ્કંધ' નામના ગ્રંથનું આઠમું અધ્યયન એટલે 'કલ્પસૂત્ર' એનું સાચું નામ 'પર્યુષણ કલ્પ'. પર્યુષણના આધ્યાત્મિક પર્વ સમયે આ આઠમાં અધ્યયનનું વાંચન થતું હોવાથી એનું મહત્વ એક સ્વતંત્ર ગ્રંથ જેવું છે.

દરેક ધર્મ એની આગવી પરંપરા ધરાવતો હોય છે. જૈન ધર્મનાં સાધુ-સાધ્વીઓનો આચારપાલન અને એથીય વિશેષ તીર્થંકરોનું ચરિત્ર એ એનો પાયો છે. ધર્મની સમગ્ર ઈમારતના પાયાની પહેચાન એટલે કલ્પસૂત્ર ગ્રંથ. એ મૂળભૂત તત્વો અને મર્મોની ઓળખ પ્રાપ્ત થાય પછી જ ધર્મ પ્રવેશ શક્ય બને. આથી કલ્પસૂત્ર ગ્રંથ જેમ અધ્યાત્મના ઉચ્ચ શિખરોની ઝાંખી કરાવે છે, એ જ રીતે એમાં જ્ઞાન અને આચાર ગ્રંથ હોવાથી એમાં સાધુઓ અને શ્રાવકોને માટે જાગૃતિપૂર્ણ આચારનું આલેખન, ગહન ઉપદેશ અને ઊંડી માહિતી પ્રાપ્ત થાય છે આમાંથી થોડી વિગતો પર દ્રષ્ટિપાત કરીએ.

(૧) સ્વપ્નપાઠકો ત્રિશલા માતાને આવેલાં સ્વપ્નોનું રહસ્ય પ્રગટ કરતા પૂર્વે સ્વપ્ન-શાસ્ત્રનાં આલેખાયેલા ૭૨ પ્રકારના સ્વપ્નો વિશે વાત કરીને ભૂમિકા બાંધે છે. આમાં ત્રીસ સ્વપ્નાને ઉત્તમ ફળ આપનારા કહ્યા છે.

(૨) કલ્પસૂત્રમાં આલેખાયેલા ભગવાન મહાવીરના જીવન ચરિત્રમાંથી મળતી કેટલીક વિગતો જોઈએ. તેમના વંશનું નામ જ્ઞાતૃવંશ હતું અને ગોત્ર કાશ્યપ હતું. એમના કાકાનું નામ સુપાર્શ્વ અથવા સુપથ્ય હતું મોટા ભાઈનું નામ નંદીવર્ધન, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ પ્રિયદર્શના, બહેનનું નામ સુદર્શના, જમાઈનું નામ જમાલિ અને મામાનું નામ ચેટક (ચેડા રાજા) હતું.

(૩) તીર્થંકરોના નિર્વારણ કાળને સમજવા માટે કાળચક્ર ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ એવા બે વિભાગ છે. દરેક કાળનો સમય દસ ક્રોડક્રોડી સાગરોપમનું થાય. ઉત્સર્પિણી અને અવસર્પિણી વારાફરતી આવ્યા કરે છે. ઉત્સર્પિણી કાળના છ આરા અને અવસર્પિણી કાળના છ આરા એમ કુલ બાર આરા થાય. જ્યારે અવસર્પિણી કાળમાં એ બધાજ ઉત્તરોત્તર ઘટતા જાય. અત્યારે ભરત ક્ષેત્રમાં અવસર્પિણી કાળ ચાલી રહ્યો છે. અવસર્પિણી કાળના આ પ્રમાણે છ આરા છેઃ ૧, સુષમ - સુષમ, ૨. સુષમ, ૩. સુષમ-દુષમ, ૪. દુષમ-સુષમ, ૫. દુષમ, ૬. દુષમ-દુષમ.

(૪) ચોવીસ તીર્થંકરોની ગર્ભકાળ જુદો જુદો છેઃ જેમ કે, શ્રી ઋષભદેવ પ્રભુનો ૯ મહિના ચાર દિવસ છે, તો નેમિનાથ ભગવાનનો ૯ મહિના અને ૮ દિવસ, ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુનો ૯ મહિના ૬ દિવસ છે અને ચોવીસમાં શ્રી મહાવીર સ્વામીના ૯ મહિના સાડા સાત દિવસ છે.

(૫) શ્રી પાર્શ્વપ્રભુ ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા. વૈશાખ વદ ૧૧ ના દિવસે વિશાખા નામની પાલખીમાં બેસીને પંચમુષ્ટિ લોચ કર્યો. એ સમયે તેઓને અઠ્ઠમનું તપ હતું. એમણે ત્રણસો પરુષો સાથે દીક્ષા લીધી અને એજ વખતે મનઃપર્યવજ્ઞાન પ્રગટ થયું. શ્રી પાર્શ્વપ્રભુએ છદ્મસ્થપણે ૮૪ દિવસની સાધના કરી. તેઓનું આયુષ્ય સો વર્ષનું હતું. ત્રીસ વર્ષ ગૃહસ્થાવસ્થામાં ૮૪ દિવસ છદ્મસ્થ અવસ્થામાં અને ૭૦ વર્ષમાં ૮૪ દિવસ ઓછા તેટલો સમય કેવલીપર્યાયમાં ગાળ્યો. એકસો વર્ષ પૂર્ણ થતાં સમેતશિખર ઉપર ૩૩ સાધુઓ સાથે માસક્ષમણનું તપ પૂર્ણ કરીને મોક્ષે પધાર્યા. એમના નિર્વાણબાદ ૧૨૩૦ વર્ષે કલ્પસૂત્રનું લેખનકાર્ય થયું.

(૬) શ્રી નેમિનાથ ભગવાનના પાંચેય કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયા. આસો વદ અમાસના દિવસે ગિરનાર પર્વતના શિખર ઉપર વેતસ નામના વૃક્ષ નીચે કેવળજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થયા.

(૭) શ્રી ઋષભદેવ ભગવાનના ચાર કલ્યાણકારી ચ્યવન, જન્મ દીક્ષા અને કેવલ જ્ઞાન ઉત્તરાષાઢા નક્ષત્રોમાં થયા. જ્યારે પાંચમું મોક્ષ કલ્યાણક અભિજીત નક્ષત્રમાં થયું. તેઓએ રાજ્યવસ્થામાં પુરુષો માટેની ૭૨ કળાઓ અને સ્ત્રીઓ માટેની ૬૪ કળાઓમાં ગણિત, ગીત, નૃત્ય, વાદ્ય, પઠન, શિક્ષા, કાવ્ય, ગજારોહણ, શાસ્ત્રાભ્યાસ, રસ, મંત્ર, યંત્ર, સંસ્કૃત - સ્મૃતિ, વૈદક, ઈતિહાસ જેવી ૭૨ કળાઓ શીખવી. એમણે એમની પુત્રી બ્રાહ્મીને હંસલિપિ વગેરે ૧૮ લિપિ શીખવી અને બીજી પુત્રી સુંદરીને દશાંશ ગણિત શીખવ્યું. જ્યારે સ્ત્રીઓને નૃત્ય, ચિત્ર, વાંજિત્ર, મંત્ર, તંત્ર, જ્ઞાન, વિજ્ઞાન, ધર્માચાર, કેશબંધ જેવી ૬૪ કળાઓ શીખવી.

(૮) ભગવાન મહાવીરનાં જુદા જુદા નામો આ પ્રમાણે છેઃ ૧. શ્રમણ, ૨. મહાવીર, ૩. વૈશાલિક (વિશાળા નગરીના ઉપનગર ક્ષત્રિયકુંડ ગ્રામમાં જન્મ્યા હતા.) ૪. મુનિ (દીર્ઘકાળ સુધી મૌન પાળનારા), ૫. માહણ (ખરા બ્રાહ્મણની જેમ જીવન વિતાવનાર), ૬. કાશ્યપ (ગૌત્ર પરથી), ૭. દેવાર્ય (ભગવાન મહાવીર ગામડાંઓમાં વિચરતા હતક્તયારે ગોવાળિયા વગેરે સાધારણ લોકો તેમને દેવાર્ય કહીને સંબોધતા હતા.), ૮. દીર્ઘ તપસ્વી, ૯. વીર અને ૧૦. અંત્ય કાશ્યપ (કાશ્યપ ગોત્રના છેલ્લા તીર્થંકર)

(૯) 'કલ્પસૂત્ર'ની ઘણી કંડિકાઓમાં 'તેણંકાલેણં તેણં સમએણં સમણે ભગવંત મહાવીરે..' વાક્યખંડ વારંવાર પ્રયોજાયો છે. 'તે કાળે, તે સમયે, શ્રમણ ભગવાન મહાવીરે ..' જેવો અર્થ ધરાવતું આ વાક્ય વારંવાર આવે છે, છતાં એ પુનરાવર્તન નહીં લાગે. એના શ્રવણથી શ્રોતા એક પ્રકારના તાદ્રશ્યનો અનુભવ કરે છે. આલેખાતી ઘટના શ્રોતાને માનસપ્રત્યક્ષ થઈ જાય છે. આ પંક્તિઓના પુનઃ પુનઃ શ્રવણથી ભાવની દ્રઢતા સેવાય છે અને હૃદયમાં ઉલ્લાસ અનુભવાય છે. અર્ધમાગધી ભાષામાં લખાયેલી આ લલિત કોમલ પદાવલિ પ્રભુ મહાવીરની વાણીનું

સ્મરણ કરાવે છે. મધુર પણ સધન અને માહિતીપૂર્ણ, કિંતુ હૃદયસ્પર્શી રીતે લખાયેલ પદાવલિ પ્રભુ મહાવીરની વાણીનું સ્મરણ કરાવે છે. મધુર રણ સધન અને માહિતીપૂર્ણ, કિંતુ હૃદયસ્પર્શી રીતે લખાયેલા આ ગ્રંથનો પ્રત્યેક શબ્દ ઘૂંટી ઘૂંટીને લખાયો હોય તેમ પ્રયોજાયો છે.

(૧૦) કલ્પસૂત્રમાં જુદા જુદા અનેક વિષયોનું વર્ણન આવે છે, એમાં મુખ્યત્વે સાધુ સાધ્વીઓના આચારોનું આલેખન મળે છે. ચાતુર્માસ પ્રતિક્રમણ ગોચરી અને સાધુ સાધ્વીઓને વંદન જેવા મુખ્ય દસ આચારોની વાત કરવામાં આવી છે. જેમ કે (૧) પહેલા વ્યાખ્યાનમાં ૧૦ કલ્પ, કલ્પ મહિમાં તથા નમુત્થુણનો સમાવેશ થાય છે. (૨) બીજા વ્યાખ્યાનમાં દસ અચ્છેરા તથા ભગવાન મહાવીર ૨૮ પૂર્વ ભવોનું વર્ણન છે. (૩) ત્રીજા વ્યાખ્યાનમાં ૧૪ સ્વપ્નોનું વર્ણન હોવાની સાથે સ્વપ્નશાસ્ત્રાદિ મુખ્યત્વે છે. (૪) ચોથા વ્યાખ્યાનમાં ભગવાન મહાવીરના માતા-પિતા ત્રિશલાદેવી, સિદ્ધાર્થ રાજા આદિના જીવનચર્યા તથા પ્રભુના જન્મનું વર્ણન આલેખાયું છે. (૫) પાંચમાં વ્યાખ્યાનમાં ભગવાન મહાવીરનો જન્મોત્સવ, પાઠશાળાગમન, લગ્ન તથા દીક્ષાદિનું વર્ણન છે. (૬) છઠ્ઠા વ્યાખ્યાનમાં ભગવાન મહાવીરને થયેલા ઘોર ઉપસર્ગોનું વર્ણન છે. સુંદર તાર્કિક યુક્તિપ્રમાણ અને જૈન તત્વચિંતનનો અર્ક દર્શાવતું ગણધરવાદનું તથા ભગવાન મહાવીરના નિર્વાણ સમયનું વર્ણન મળે છે. (૭) સાતમાં વ્યાખ્યાનમાં ભગવાન પાર્શ્વનાથ, નેમિનાથ, ઋષભદેવના જીવનચરિત્રો તથા વીસ જિનના આંતરકાળનું વર્ણ વિશેષ છે. (૮) આઠમાં વ્યાખ્યાનમાં સ્થવિરાવલિ વર્ણવવામાં આવે છે. ભગવાન મહાવીર પછીના ૧૧ ગણધરો અને તેમની એક હજાર વર્ષની પાટ પરંપરાના શિષ્ય પ્રશિષ્યાદિ મહાપુરુષોનું ઐતિહાસિક વર્ણન છે. (૯) નવમાં વ્યાખ્યાનમાં સમાચારી શ્રમણોની આચાર-વિચારની સંહિતાની સમજણ છે.

આ પ્રમાણે નવ વ્યાખ્યાનોમાં સંપૂર્ણ કલ્પસૂત્ર આવરી લેવાયું છે. એ નવ વ્યાખ્યાનો પર્યુષણ મહાપર્વના આઠ દિવસોમાં વંચાય છે.

પર્યુષણના પ્રથમ ત્રણ દિવસોમાં અષ્ટાન્હિકા પ્રવચનો ચાલે છે. પહેલા દિવસે અમારી પ્રવર્તન, ચૈત્ય પરિપાટી, અઠ્ઠમ તપ, ક્ષમાપના અને સાધર્મિક વાત્સલ્ય, આ પાંચ વિષયો પર પ્રવચન અપાય છે. બીજે દિવસે શ્રાવકના વાર્ષિક અગિયાર કર્તવ્યો અને ત્રીજા દિવસે પૌષધ વ્રતનો મહિમા દર્શાવવામાં આવે છે.

પર્યુષણ પર્વના ચોથા, પાંચમાં, છઠ્ઠા અને સાતમાં અને આ ચાર દિવસોમાં શ્રી કલ્પસૂત્રના સવારે બપોરે એમ બે કુલ આઠ વ્યાખ્યાનો વાંચવાની પરંપરા છે. (૯મું વ્યાખ્યાન વાંચવાની પ્રણાલિકા ક્વચિત મળે છે ખરી) અંતિમ આઠમો દિવસ સંવત્સરી મહાપર્વનો છે. તે દિવસે શ્રી બારસાસૂત્રનું વાચન તથા સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં આવે છે.

આમ કલ્પસૂત્રનો મહિમા જૈન ધર્મનો પાયો દર્શાવવામાં, તીર્થંકરોની અપૂર્વતા અને સાધુ પરંપરાની મહત્તા ગાવામાં તેમજ જનસમૂહના વ્યાપક કલ્યાણની ભાવનામાં રહેલો છે.

❑ **પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ**


જુલાઈ - ૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

મુંબઈ કાર્યાલય:- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

**મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | |
|---|---|
| શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) | ૨,૫૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૧,૨૬,૦૦૦ |
| શ્રી પિયુષભાઈ યશવંતલાલ શાહ (સુરત) ભક્તિસુરી સમુદાયના પ.પુ.સા. શ્રી શીલગુણાશ્રીજી મ.સા. ના આત્મશ્રેયાર્થે તેમના શિષ્યા સિદ્ધાંતશીલાશ્રીજી, સ્મીતવંદનાશ્રીજી સૌમ્યવંદનાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી તેમના સંસારી ભાઈ - બહેન યશવંતભાઈ, મંજુલાબેન નયનાબેન તરફથી વતન, ઉણ | ૧,૦૮,૦૦૧ |
| વિશ્વામૈત્રી ટ્રસ્ટ (મુંબઈ) | ૭૫,૦૦૦ |
| શ્રી બિપીનભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી, વાલકેશ્વર) | ૭૫,૦૦૦ |
| શ્રીમતી પુર્ણીમાબેન પી. મહેતા (પાલનપુર) | ૭૨,૦૦૦ |
| શ્રી હિરાચંદ અભેચંદ ઝવેરી (અંધેરી, યશોધન બિલ્ડીંગ) | ૪૫,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. (Mumbai) | ૩૭,૦૦૦ |
| શ્રી માતૃઆશિષ જૈન સંઘ, (નેપિયન્સી રોડ) | ૨૫,૦૦૦ |
| શ્રી પરમ જૈન ભદ્ર શાંતિ શ્વે. મુ. જૈન સંઘ (સુરત) | ૨૫,૦૦૦ |
| સ્વ. શ્રી તુષારભાઈ ચીનુભાઈ શાહના સ્મણાર્થે મલ્લાતનો પાડો હ. ડૉ. શ્વેતલ ટી. શાહ (અમદાવાદ) | ૨૧,૦૦૦ |
| શ્રી રાજુભાઈ મોહનભાઈ શાહ, પ્રિયાબેન રજનીભાઈ (યુ.એસ.એ.) ધ્રુવ ચીનુભાઈ શાહ | ૨૦,૦૦૦ |
| સ્વ. પુષ્પાબેન રમણલાલ શાહના આત્મશ્રેયાર્થે (લખિયારવાડો) હ. ડૉ. જનકભાઈ આર. શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી હરનીકભાઈ રમણલાલ શાહ (ખેતવાડી, ડંકમહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી જતીનભાઈ લલિતકુમાર શાહ (ખડાખોટડીનો પાડો, ગોરેગાંવ) | ૧૧,૦૦૦ |
| શ્રી ઉદયનભાઈ કોઠારી (મુંબઈ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પલ્લવીબેન ભરતભાઈ મહેતા (મલબારહીલ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી અજીતાબેન નિપુણભાઈ શાહ (વખતજીની શેરી, શાંતાક્રુઝ) | ૧૦,૦૦૦ |
| શ્રી ધર્મવિહાર પાર્શ્વનાથજી શ્વે. મુર્તિપૂજક જૈન સંઘ (અમદાવાદ) | ૧૦,૦૦૦ |
| શ્રી દિયા શ્વે મુ.પૂ. જૈન સંઘ સંચાલિત શ્રી વિમલ જીન ભક્તી મંડળ જીવમૈત્રી અભિયાન નિભાવ ફંડ, (સુરત) | ૧૦,૦૦૦ |
| શ્રી આદીનાથ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ (પાટણ) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

પિતૃઋણ, ગુરુઋણ અને વિશ્વઋણ એ ત્રણ ઋણનો ભાર આપણા ઉપર છે તેનું ભાન રહેવું જોઈએ અને ક્રમશઃ તેમાંથી મુક્ત થવાનો ભાવ રહેવો જોઈએ તેનો પ્રમાણિક પ્રયત્ન પણ થવો જોઈએ કોઈ ને કોઈ રીતે દા.ત. પિતાનો સંસ્કાર વરસો શોભાવવો અને સંભાળવો તે પિતૃઋણમુક્તિ છે. ગુરુના ઉપકારનો સ્વીકાર કરવો તે ગુરુઋણ મુક્તિ છે અને રોજ કોઈને ને કોઈને યોગ્ય મદદ કરવી તે વિશ્વ ઋણ મુક્તિનો પ્રયાસ છે. આવું રોજ તમારા જીવનમાં બનતું રહો.

## વસ્તી પત્રક પ્રકાશન-૨૦૨૩માં છપાયેલ જાહેર ખબરનો સુધારો


**SPNP**
**PAPER & PACK PVT. LTD**

MFG. OF CORRUGATED BOXES, ROLLS & SHEETS & OFFSET PRINTING

Importers of :
Thai (ISO Certified) Board & Kappa Board

Exporters, Stockists & Distributors of :
Indian Stiff Mill Board (Kiran, Golden & Sun Board )
Kappa Board : (Smart, Hi Tech, Zeus & Tusk Brand)
White / Grey Board, PE Coated Board,
Cake Base & Colured Boards)
FBB/Kraft & FBB Kappa Board

**Dhiren Shah** 9821139929
**Manish Shah** 9321113228
**Priyank Shah** 9969508795
**Harshil Shah** 9769928732

**Office :** 503, Madhu Industrial Park, Avadh Narayan Tiwari Marg, Off.Old Nagardas Cross Road, Andheri - (East), Mumbai - 400 069.

**Fact :** Gr. Floor, Survey No. 425/1/2/3/3, Plot No. 136, Daman Ganga, Industrial Park- II, Vapi Dungra Road, Dungra, VAPI, Valsad, Gujarat, 396 193.

**Off. : 9769928732 / 9321113228 Email : spnppaperandpackvapi@gmail.com**
**Website : www.spnppapernpack.com**



**BHARTIYA DARSHAN STORY WORLD**
Animation YouTube Channel

This channel will contain Videos regarding Jainism and Bhartiya Darshan.

**Mahavir Janma to Moksha 7 episode series**

Each Episode
Avg.10 /12 minutes video

Sponsor's name, Parent's image or Company logo will be shown in the starting of video

For Advertisement / Video Sponsorship
**Sweta Shah - 9769128008**

ADVT



**PATAN CO-OPERATIVE BANK LTD.**

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL: 2281 5290 / 2281 7444 / 2281 9403 / 2281 6513. • Email ID: ho@patanbank.com • Web site: www.patanbank.com

**NOTICE TO MEMBERS**

NOTICE IS HEREBY GIVEN THAT THE **42nd ANNUAL GENERAL MEETING** OF THE MEMBERS OF **PATAN CO-OPERATIVE BANK LTD** WILL BE HELD ON **FRIDAY 22ND SEPTEMBER, 2023** AT 3.00 P.M. AT, PATAN JAIN MANDAL HALL. PJM ROAD MARINE DRIVE, MUMBAI 400020) TO TRANSACT THE FOLLOWING BUSINESS:

1. To read and confirm minutes of the 41st Annual General Meeting held on 29th September 2022.
2. To consider and approve the following proposals:
   i. Annual Report for the year 2022/23. • ii. Profit and Loss account for the year ended on 31st March 2023. • iii. Balance-sheet as on 31st March 2023.
3. To receive and adopt the report of Statutory Auditor- M/s. VPR & Associates for the financial year 2022/23, alongwith notes to accounts.
4. To ratify the Annual Budget for the year 2023/24 as approved by the Board of Directors.
5. To ratify the appointment of Statutory Auditor for the year 2023/24 as approved by Reserve Bank of India.
6. To grant approval for written off towards Bad Debts (NPA) identified by the Management as irrecoverable approved by Board of Directors & certified by Statutory Auditor to be adjusted against BDDR fully provided in the earlier years.
7. To grant leave of absence to the members of the Bank.
8. Any other business that may be brought forward with the permission of the Chair.

**Date: 18.08.2023.** **By order of the Board of Directors Sd /- Chief Executive Officer.**

**APPEAL TO MEMBERS :-**

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. Adjourned Annual General Meeting for want of quorum, if necessary, will be held on the same date and place after half an hour of the notified time of such meeting.
4. Members desiring to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank at least 7 days before meeting date i.e. on or before 14th September 2023.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.

ADVT

# સાભાર સ્વીકાર

**સૌરભ મેડિકલ હેલ્થ કેર ભેટ :**

૨૦,૦૦,૦૦૦/- શ્રીમતી ચંપાબેન નાનાલાલ શાહ (સાલવી વાડો)

૫,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા ) (કનાસાનો પાડો)

**નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૭,૦૦,૦૦૦/- શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ પરિવાર (સિદ્ધચક્રની પોળ)

૪૭,૦૦૦/- શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ સને ૧૯૭૫-૭૬
- ૬,૦૦૦/- શ્રીમતી અંજુબેન દિપકભાઈ શાહ
- ૫,૫૦૦/- શ્રીમતી કંકુબેન પુનમચંદ પટેલ
- ૫,૫૦૦/- શ્રી પુનમચંદભાઈ હરીભાઈ પટેલ
- ૫,૦૦૦/- શ્રી દિપકભાઈ બાબુલાલ શાહ
- ૫,૦૦૦/- શ્રીમતી શાંતાબેન હરીભાઈ પટેલ
- ૫,૦૦૦/- શ્રી હિતેશભાઈ વિરચંદ લિંબાચીયા
- ૫,૦૦૦/- શ્રી પુનમચંદ રાઈચંદભાઈ પટેલ
- ૫,૦૦૦/- શ્રી અનીલભાઈ હરજીવનદાસ પટેલ
- ૫,૦૦૦/- શ્રી દિનેશભાઈ પ્રભુદાસ પટેલ

**શિક્ષણ સહાય / મેડિકલ સહાય / વૃદ્ધજન સહાય / સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧૦,૦૦,૦૦૦/- શ્રી પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ

૬,૦૦,૦૦૦/- બાબુ સાહેબ નાનકચંદ પુરણચંદજી ટ્રસ્ટ

૫,૦૦,૦૦૦/- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજુરીનો પાડો) કુલ રૂા. ૨૧ લાખ

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૯,૦૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)

૫૦,૦૦૦/- સ્વ. ડૉ. પાયલ વિનયભાઈ શાહના સ્મરણાર્થે શ્રી વિનયભાઈ રાજેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)

**મેડિકલ સહાય ભેટ :**

૨,૫૨,૦૦૦/- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ(ખજૂરીનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૨,૫૨,૦૦૦/- શ્રી નીખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજૂરીનો પાડો)

૨૭,૦૦૦/- શ્રીમતી અરૂણાબેન રમેશચંદ્ર સફરી (ગોદડનો પાડો) હ. શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)

૫,૦૦૦/- સ્વ. અરૂણાબેન ચંપકલાલ શાહ (મહાલક્ષ્મીમાતાનો પાડો)

૫,૦૦૦/- શ્રી દિવ્યાબેન અરવિંદભાઈ શાહ (કનાસાનો પાડો)

૫,૦૦૦/- સ્વી. ઉષાબેન રજનીભાઈ દલાલ (વખતજીની શેરી)

૫.૦૦૦/- સ્વ. રોહીતાબેન બીપીનભાઈ શાહ (વખતજીની શેરી)

**સમાજ ઉત્કર્ષ / મેડિકલ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી રોહનભાઈ નીતીનભાઈ શેઠ (કનાસાનો પાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧૧,૦૦૦/- શ્રી રાજીવભાઈ નવીનચંદ્ર શાહ (મલ્લાતનો પાડો) શ્રી નવીનચંદ્ર રીખવચંદ શાહના સ્મરણાર્થે

**ભુલ સુધાર**

**નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટમાં**

૫,૦૦,૦૦૦/- શ્રી યોગેશભાઈ નેમચંદ **શાહ** હ. શ્રીમતી ચંદ્રિકાબેન યોગેશભાઈ **શાહ** (મારફતિયા મહેતાનો પાડો)

**(બેન્કરને બદલે શાહ ગતાંકમાં સુધારીને વાચવા વિનંતી)**

# શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાળ | લખિયારવાડો | પુષ્પાબેન રમણલાલ શાહ | ૯૪ | મરીનડ્રાઈવ | ૦૨-૦૭-૨૩ | અષાઢ સુદ ૧૪ |
| દશા શ્રીમાળી | વસાવાડો | રશ્મિભાઈ સેવંતીલાલ શાહ | ૬૯ | બોરીવલી | ૦૪-૦૭-૨૩ | અષાઢ વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | વિજયાબેન ફતેહચંદ શાહ | ૯૨ | પાટણ | ૦૯-૦૭-૨૩ | અષાઢ વદ ૦૭ |
| સાંડેસરા | બ્રાહ્મણ વાડો | પ્રવિણાબેન પ્રવિણચંદ્ર શાહ | ૭૮ | કાંદિવલી | ૨૩-૦૭-૨૩ | અ.શ્રાવણ સુદ ૦૫ |
| દશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | પ્રિતીબેન સમીરભાઈ શાહ | ૬૨ | શિકાગો | ૨૭-૦૭-૨૩ | અ. શ્રાવણ સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | ચૌધરીની શેરી | જ્યોત્સનાબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૮૩ | મુંબઈ | ૨૭-૦૭-૨૩ | અ. શ્રીવણ સુદ ૦૯ |
| દશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | મુકેશભાઈ નવીનચંદ્ર શાહ | ૭૪ | વિલેપાર્લા | ૨૭-૦૭-૨૩ | અ. શ્રાવણ સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | ચોધરીની શેરી | નિશ્ચલ અક્ષય શાહ | ૨૪ | મુંબઈ | ૦૪-૦૮-૨૩ | અ. શ્રાવણ વદ ૦૩ |
| સાંડેસરા | કસુંબિયા વાડો | હરેશભાઈ સેવંતીલાલ સાંડેસરા | ૫૮ | પાટણ | ૦૭-૦૮-૨૩ | અ. શ્રાવણ વદ ૦૭ |
| વિશા પોરવાળ | ડંક મહેતાનો પાડો | વિણાબેન નીતિનભાઈ શાહ | ૭૨ | સિક્કા નગર | ૧૧-૦૮-૨૩ | અ. શ્રાવણ વદ ૧૦ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB • August 2023 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# શ્રી પાટણ જૈન મંડળ

## જીવન નિર્વાહ સહાય યોજના

### રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨. શ્રીમતી નીરૂબેન ધીરેનભાઈ શાહ અને શ્રીમતી પ્રતિમાબેન નરેનભાઈ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી -મહાદેવાજીની શેરી)
૩. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)
૪. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

### રૂા. ૧૧ લાખના સહાયક દાતા

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)
૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૬. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

## હાર્દિક વિજ્ઞપ્તિ :-

મંડળના સમાજ સાથે સંકળાવવાના મહત્વના 'જીવન નિર્વાહ સહાય'ના પ્રોજેક્ટમાં ઉપરોક્ત દાતાઓ સ્વૈચ્છિકપણે જોડાયેલ છે, હજુ વધુ દાતાઓને આ પ્રોજેક્ટમાં આર્થિક સહયોગ આપી જોડાવવા વિનમ્ર વિનંતી છે.

## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાતાશ્રી - ગોરેગામ, જવાહર નગર



શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ નગીનદાસ સાંડેસરા
હ. શ્રીમતી દર્શનાબેન - શ્રી અમીતભાઈ
(કેશુશેઠનો પાડો)
રૂા. ૨૫ લાખ

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,